પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૨૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૭-૦૧-૨૦૨૪ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ મોદી-RSSનો કાર્યક્રમ, હું ધર્મનો ફાયદો ઉઠાવવા માંગતો નથી, અમે બધા ધર્મો સાથે છીએ : રાહુલ ગાંધી

કોહિમા,

ભારત જોડો યાત્રાના ત્રીજા દિવસે (૧૬ જાન્યુઆરી) રાહુલ ગાંધીએ કોહિમા (નાગાલેન્ડ)ના વિશ્વેમા ગામથી યાત્રાની શરૂઆત કરી હતી. તેમની સાથે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો પણ જોડાયા છે.ઈન્ડિયામાં સીટ શેરિંગ અંગે રાહુલે કહ્યું કે ગઠબંધન ચૂંટણી લડશે અને જીતશે. બેઠકોની વહેંચણીને લઈને અમારી વાતચીત ચાલુ છે. મોટાભાગની જગ્યાઓ સરળ છે, કેટલીક જગ્યાઓ પર તે થોડી મુશ્કેલ છે, પરંતુ અમે સીટ શેરિંગનો મુદ્દો સરળતાથી ઉકેલીશું.

બિહારના સીએમ નીતિશ કુમારને ઈન્ડિયાના સંયોજક બનાવવા પર મમતા બેનર્જીની નારાજગી પર રાહુલે કહ્યું- આ નાની-નાની સમસ્યાઓ છે, જેનો ઉકેલ લાવવામાં આવશે. અમારા બધામાં સંકલન છે.તે જ સમયે, નીતિશ કુમારના એનડીએમાં સામેલ થવા પર રાહુલે કહ્યું કે મીડિયા આ બાબતોને ખૂબ હાઈપ બનાવે છે. ઈન્ડિયા ગઠબંધનમાં કોઈ સમસ્યા નથી. મને પૂરો વિશ્વાસ છે કે અમારા ઈન્ડિયા ગઠબંધનમાં બધું જ યોગ્ય રહેશે અને અમે ચૂંટણી સારી રીતે લડીશું.

કોહિમામાં લોકોને સંબોધતા રાહુલે કહ્યું કે તમે નાના રાજ્યના લોકો હોવ તેનાથી કોઈ ફરક નથી પડતો, તમને દેશના અન્ય રાજ્યોની જેમ સમાન અધિકાર મળવા જોઈએ. રાહુલ ગાંધીએ નાગાલેન્ડના કોહિમામાં બીજા વિશ્વ યુદ્ધ સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં યોજાનાર રામલલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠાનો કાર્યક્રમ




મોદી-આરએસએસનો કાર્યક્રમ છે. આરએસએસ અને ભાજપે ૨૨મી તારીખને ચૂંટણીનો ફલેવર આપ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષે આ કારણસર ત્યાં જવાની ના પાડી દીધી છે. અમે બધા ધર્મો સાથે છીએ. જે કોંગ્રેસ છોડવા માંગે છે તે છોડી શકે છે.રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે હિન્દુ સંસ્કૃતિના મોટા નેતાઓએ પણ ત્યાં જવાની ના પાડી દીધી છે, તેથી અમારા માટે ત્યાં જવું ખૂબ મુશ્કેલ છે. હું લોકો સાથે સારી રીતે વર્તે છું. હું ધર્મનો લાભ લેતો નથી. હું હિંદુ ધર્મનું પાલન કરું છું પણ મારા શર્ટ પર નથી પહેરતો. હું મારા જીવનમાં હિંદુ ધર્મ અપનાવું છું જે યોગ્ય છે. હું તે બતાવતો નથી, જેઓ ધર્મને માન આપતા નથી અને તેમાં માનતા નથી, તેઓ બતાવે છે.રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, 'મારી વિચારસરણી એવી છે કે, જે ખરેખર ધર્મમાં વિશ્વાસ રાખે છે તેને ધર્મ સાથે અંગત સંબંધ છે. હું મારું જીવન ધર્મના સિદ્ધાંતો પ્રમાણે જીવવાનો પ્રયત્ન કરું છું. હું લોકો સાથે યોગ્ય વર્તન કરું છું, તેમનું સન્માન કરું છું. હું નફરત ફેલાવતો નથી. રાહુલ ગાંધીની બસમાં કેટલાક બાળકો પોસ્ટર લઈને પહોંચ્યા હતા. તેમાં લખ્યું હતું - અંકલ રાહુલ, અમે તમારી સાથે ચાલવા માંગીએ છીએ. અંકલ રાહુલ, અમે દેશનું ભવિષ્ય છીએ અને અમારું ભવિષ્ય તમારા પર નિર્ભર છે રાહુલે કહ્યું હતું કે 'મને આશા છે કે મણિપુરમાં વહેલી તકે શાંતિ પાછી આવશે.' બસમાંથી પાછળથી પોસ્ટ કરાયેલા એક વીડિયો સંદેશમાં રાહુલે કહ્યું કે મણિપુરમાં આ એક દુર્ઘટના છે, પરંતુ ભારત સરકાર ચિંતિત નથી અને વડાપ્રધાને રાજ્યની મુલાકાત પણ લીધી નથી.મેં સ્પષ્ટ કહ્યું- આગામી ભારત જોડો યાત્રા મણિપુરથી જ શરૂ થઈ શકે છે. મણિપુરમાં ભાજપ નફરતની રાજનીતિ કરે છે. મણિપુરમાં ભાઈઓ, બહેનો અને માતા-પિતા અમારી નજર સમક્ષ મૃત્યુ પામ્યા અને આજ સુધી ભારતના વડાપ્રધાન તમારા આંસુ લૂછવા કે તમને મળવા મણિપુર આવ્યા નથી. તે શરમજનક છે.

એ યાદ રહે કે યાત્રાના બીજા દિવસે સોમવારે (૧૫ જાન્યુઆરી) રાહુલે સવારે ઈમ્ફાલ પશ્ચિમના સેકમાઈથી યાત્રા શરૂ કરી હતી. આ યાત્રા રાત્રે નાગાલેન્ડ પહોંચી. રાહુલ પાર્ટીના સાથીદારો સાથે મણિપુરની સરહદે આવેલા કોહિમા જિલ્લાના ખુજામા ગામમાં પહોંચ્યા હતા. અહીં રાત્રી રોકાણ કરીને આરામ કર્યો. રાહુલ નાગાલેન્ડના પાંચ જિલ્લા- કોહિમા, ત્સેમિનીયુ, વોખા, ઝુન્હેબોટો અને મોકોકચુંગમાંથી પસાર થશે અને રેલીઓ કરશે.સોમવારે રાહુલ સવારે પોતાની વોલ્વો બસમાં સેકમાઈથીરવાના થયા હતા. રાહુલે પરંપરાગત મણિપુરી જેકેટ સાથે તેનું ટ્રેડમાર્ક સફેદ ટી-શર્ટ અને પેન્ટ પહેર્યું હતું. ભીડ સાથે વાત કરવા અને તેમની સમસ્યાઓ અંગે ચર્ચા કરવા માટે રાહુલ યાત્રાના રૂટ પર ઘણી વખત બસમાંથી ઉતર્યા. તેમણે લોકો સાથે સેલ્ફી લીધી અને પરંપરાગત નૃત્ય પ્રદર્શન પણ નિહાળ્યા હતા.

૬૬ દિવસ લાંબી ભારત જોડો ન્યાય યાત્રા દેશના ૧૫ રાજ્યો અને ૧૧૦ જિલ્લાઓમાંથી પસાર થશે. રાહુલ ગાંધી વિવિધ સ્થળોએ રોકાશે અને સ્થાનિક લોકો સાથે વાતચીત કરશે. આ દરમિયાન રાહુલ ૬૭૦૦ કિમીનું અંતર કાપશે. આ યાત્રા ૨૦ માર્ચે મુંબઈમાં પૂરી થશે. ૧૪ જાન્યુઆરીએ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મણિપુરના થૌબલથી ભારત જોડો ન્યાય યાત્રાની શરૂઆત કરી હતી. યાત્રા પહેલા રાહુલ ગાંધીએ એક સભાને સંબોધતા કહ્યું - ચૂંટણીમાં હવે વધુ સમય બાકી નથી. તેથી પગપાળા તેમજ બસમાં મુસાફરી કરવાનું નક્કી કર્યું. યાત્રા ક્યાંથી શરૂ કરવી એવો પ્રશ્ન ઊભો થયો, કોઈએ કહ્યું પશ્ચિમમાંથી, કોઈએ કહ્યું પૂર્વથી જણાવ્યું હતું.૨૦ માર્ચે સમાપ્ત થનારી આ યાત્રા ૧૫ રાજ્યો અને ૧૧૦ જિલ્લાઓની ૩૩૭ વિધાનસભા બેઠકોને આવરી લેશે.આ પહેલા રાહુલ ગાંધીએ ૭ સપ્ટેમ્બર ૨૦૨૨ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૩ સુધી ભારત જોડો યાત્રા કાઢી હતી. ૧૪૫ દિવસની યાત્રા તમિલનાડુના કન્યાકુમારીથી શરૂ થઈને જમ્મુ-કાશ્મીરમાં પૂરી થઈ હતી.

# રાજ્યમાં આગામી ૨ દિવસોમાં લઘુત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી ઘટી શકે છે

અમદાવાદ,

હાડ થીજવતી ઠંડી સહન કરવા માટે એકવાર ફરી તૈયાર થઈ જજો. જીહા, ઉત્તરાયણ બાદ રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધી શકે છે. આગામી ૨ દિવસને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજ્યમાં આગામી ૨ દિવસોમાં લઘુત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી ઘટી શકે છે. વળી કેટલાક વિસ્તારોમાં પવનની ગતિમાં પણ વધારો થાય તેવી સંભાવનાઓ છે.

રાજ્યમાં બે દિવસ તાપમાનમાં ઘટાડો થશે. ગઈકાલે સોમવારની જો વાત કરીએ તો દિવસના સમયે લોકોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. પણ જેવી રાત પડી કે પારો ગગડ્યો અને ઠંડીનો લોકો અહેસાસ કર્યો હતો. રાજ્યના પાટનગરમાં રાત્રીના સમયે ૯ ડિગ્રીએ જેટલું નીચું તાપમાન નોંધાયું હતું. જો હવામાન વિભાગની માનીએ તો રાજ્યમાં લઘુતમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી ઘટશે. તથા આજે કેટલાક વિસ્તારોમાં પવનની ગતિમાં વધારો રહેશે. તેમજ આજે ૪થી ૧૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે. શિયાળાની ઋતુ ચાલે છે તેવામાં તાજેતરમાં રાજયમા ઠંડી અને ગરમી બંને ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે પણ કાતિલ ઠંડીની આગાહી કરી દીધી છે. તેમના જણાવ્યા અનુસાર, ૧૫ જાન્યુઆરી બાદ એકવાર ફરી રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધી શકે છે. કચ્છના ભાગોમાં લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી નીચું થઈ જશે. વલસાડ,સુરત, ડાંગમાં ઠંડી અનુભવાશે. ઉપરાંત અંબાલાલ પટેલે વાવાઝોડાને લઈને પણ એક મોટી આગાહી કરી છે. તેમણે આ વર્ષના પહેલા વાવાઝોડા બાબતે આગાહી કરતા કહ્યું છે કે, જાન્યુઆરી મહિનાના અંતમાં વાવાઝોડું આવે તેવી શકયતાઓ છે. તેમણે વધુમાં જણાવ્યું, ભૂમધ્ય સાગરમાં ચક્રવાત સર્જાઈ રહ્યુ છે. જેની અસર ભારતના પશ્ચિમભાગ ઉપર થાય તેવી શકયતાઓ છે. ૨૪ થી ૨૬ જાન્યુઆરીએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર રાજ્યમાં જોવા મળશે. જેની અસરના ભાગ રૂપે કચ્છ, પશ્ચિમ સૌરાષ્ટ્રમાં વરસાદ પડે તેવી શક્યતા છે. જયારે ગુજરાતનાં અન્ય જિલ્લાઓમા વાદળવાયુ વાતાવરણ રહેવાની સંભાવના છે.

# લિથિયમની શોધ અને ખાણકામ માટે ભારતે આર્જેન્ટિના સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા

નવીદિલ્હી,

ભારત સરકારે લિથિયમની શોધ અને ખાણકામ માટે આર્જેન્ટિના સરકાર સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. પર્યાવરણને અનુકૂળ ભવિષ્ય તરફ સંક્રમણ માટે લિથિયમ આવશ્યક છે. ચિલી અને બોલિવિયા ઉપરાંત આર્જેન્ટિનામાં લિથિયમનો મોટો ભંડાર છે. આ ત્રણ દેશો પાસે વિશ્વના કુલ લિથિયમ ભંડારનો અડધો ભાગ છે. લિથિયમનો ઉપયોગ મોબાઈલ ફોનની રિચાર્જેબલ બેટરી, ઈલેક્ટ્રિક વાહનોની બેટરી, લેપટોપ અને ડિજિટલ કેમેરા વગેરેમાં થાય છે.



આ કરાર પર ભારત તરફથી મિનરલ બિદેશ ઈન્ડિયા લિમિટેડ દ્વારા અને આર્જેન્ટીના તરફથી કેટામાર્કા પ્રાંતની સરકારી કંપની દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન કેટામાર્કા પ્રાંતના ગવર્નર અને વાઈસ ગવર્નર હાજર રહ્યા હતા. આ પ્રસંગે આર્જેન્ટીનામાં ભારતીય રાજદૂત દિનેશ ભાટિયા પણ હાજર રહ્યા હતા. બંને પક્ષો વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવાની પ્રક્રિયામાં કેન્દ્રીય ખાણકામ મંત્રી પ્રહલાદ જોશી અને ખાણ મંત્રાલયના સચિવ વીએલ કાંતા રાવ પણ વર્ચ્યુઅલ રીતે હાજર હતા. કરાર હેઠળ, ભારતીય કંપની મિનરલ બિદેશ ઈન્ડિયા લિમિટેડ લિથિયમના સંશોધન માટે આર્જેન્ટિનાના કેટામાર્કા પ્રાંતમાં ૧૫,૭૦૩ હેક્ટર જમીનનું ખાણકામ કરશે. તેમાં પાંચ બ્લોક હશે. આ પ્રોજેક્ટ માટે ભારતીય કંપની કેટામાર્કા પ્રાંતમાં તેની શાખા ઓફિસ પણ ખોલશે. આ પ્રોજેક્ટનો ખર્ચ લગભગ ૨૦૦ કરોડ રૂપિયા હશે.

કાર્બન ઉત્સર્જન પૃથ્વીના તાપમાનમાં વધારો કરી રહ્યું છે અને સમગ્ર વિશ્વમાં આબોહવા પરિવર્તનનું કારણ બની રહ્યું છે. જેના કારણે અનેક કુદરતી આફતો આવી રહી છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે લિથિયમ બેટરીઓ આશાના કિરણ તરીકે ઉભરી આવી છે. ખરેખર, લિથિયમ બેટરી ખૂબ જ હળવી, શક્તિશાળી અને રિચાર્જ કરી શકાય તેવી બેટરી છે. આ જ કારણ છે કે મોબાઈલથી લઈને ઈલેક્ટ્રિક વાહનો અને અન્ય ઈલેક્ટ્રિક વસ્તુઓમાં લિથિયમ બેટરીનો ઉપયોગ થઈ રહ્યો છે. હવે જ્યારે ભારત સરકાર ઝડપથી ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે આવા સમયે લિથિયમ ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે.

ભારત હાલમાં લિથિયમ માટે ચીન પર નિર્ભર છે, પરંતુ હવે ભારત સરકાર લિથિયમની શોધ માટે વિશ્વના અન્ય દેશોમાં સંશોધન અને ખાણકામના પ્રોજેક્ટ પણ કરી રહી છે. આર્જેન્ટીનાનો આ પ્રોજેક્ટ પણ ભારતના આ પ્રયાસોનો એક ભાગ છે. આ વર્ષની શરૂઆતમાં જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં પણ લિથિયમનો મોટો ભંડાર મળી આવ્યો હતો. તેની પાસે ૫.૯ મિલિયન ટન લિથિયમ ભંડાર હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. લિથિયમના ભંડાર શોધવાનો અને વિદેશમાં લિથિયમ માઈનિંગ પ્રોજેક્ટ ચલાવવાનો સૌથી મોટો ફાયદો એ થશે કે દેશમાં ઈલેક્ટ્રિક વાહનો સસ્તા થશે. હાલમાં, ઈલેક્ટ્રિક વાહનોમાં લિથિયમ બેટરીની કિંમત લગભગ ૪૦-૪૫ ટકા છે, જે આગામી દિવસોમાં ઘટી શકે છે. આજે, સમગ્ર વિશ્વમાં લિથિયમની ભારે માંગ છે. આવી સ્થિતિમાં ભારતીય અર્થતંત્ર માટે લિથિયમનો પુરવઠો પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# ગરીબી ઘટાડવા માટે મફત અનાજ યોજના, પોષણ અભિયાન જેવી પહેલો સૌથી વધુ અસરકારક છે, નીતિ આયોગ

નવીદિલ્હી,

દેશમાં લગભગ ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવી રહ્યા છે તે અંગે નીતિ આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલા રિપોર્ટ અનુસાર, સરકારની ઘણી પહેલોને કારણે આ સફળતા મળી છે. અહેવાલ મુજબ, પોષણ અભિયાન અને એનિમિયા મુક્ત ભારત જેવી નોંધપાત્ર પહેલોએ આરોગ્ય સુવિધાઓની પહોંચમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જેનાથી વંચિતતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વધુમાં, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ લક્ષિત જાહેર વિતરણ પ્રણાલી, વિશ્વના સૌથી મોટા ખાદ્ય સુરક્ષા કાર્યક્રમોમાંના એક, ૮૧.૩૫ કરોડ લાભાર્થીઓને આવરી લે છે. આ અંતર્ગત ગ્રામીણ અને શહેરી વસ્તીને ખોરાક આપવામાં આવે છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ મફત અનાજ વિતરણને આગામી પાંચ વર્ષ સુધી લંબાવવું એ સરકારની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે.

અહેવાલ મુજબ, માતાના સ્વાસ્થ્યને સંબોધતા વિવિધ કાર્યક્રમો, ઉજ્જવલા યોજના દ્વારા સ્વચ્છ રસોઈ ઈંધણનું વિતરણ, સૌભાગ્ય દ્વારા વીજળી કવરેજમાં સુધારો, અને સ્વચ્છ ભારત મિશન અને જલ જીવન મિશન જેવા પરિવર્તનકારી અભિયાનોએ સામૂહિક રીતે લોકોના જીવન પર અસર કરી છે. જીવનની સ્થિતિ અને એકંદરે સુખાકારીમાં સુધારો થયો છે. આ ઉપરાંત, પ્રધાન મંત્રી જન ધન યોજના અને પીએમ આવાસ યોજના જેવા મુખ્ય કાર્યક્રમોએ આર્થિક સમાવેશ અને વંચિતોને સુરક્ષિત આવાસ પ્રદાન કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

રિપોર્ટ અનુસાર રાજ્યોની કામગીરીમાં વિવિધતા જોવા મળી હતી. પરંપરાગત રીતે અત્યંત ગરીબી ધરાવતા કેટલાક રાજ્યોએ લોકોને ગરીબીમાંથી બચવામાં મદદ કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આનાથી બે રાજ્યો વચ્ચે બહુપરીમાણીય ગરીબીમાં અસમાનતા ઘટી છે. આનાથી પાયાની સેવાઓ સુધી પહોંચવાની મૂળભૂત સમસ્યાઓનો ઝડપથી ઉકેલ આવી રહ્યો છે.

# જામનગર : ફેક ઈન્વેસમેન્ટ એપ્લિકેશનથી ફ્રોડ, ૫૦ લાખનું ફુલેકુ ફેરવનારા ૨ ઝડપાયા

જામનગર,

જામનગરના એક વેપારીને દર મહિને રોકાણના બદલામાં ૨૫ ટકા જેટલું રિટર્ન આપવાની લાલચ આપીને રૂપિયા અડધા કરોડની રકમ પડાવી લઈ છેતરપિંડી કરવા અંગે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો, જે પ્રકરણમાં સાઈબર ક્રાઈમ સેલની ટીમે તપાસ પશ્ચિમ બંગાળ સુધી લંબાવી ૨ આરોપીઓને ઝડપી લીધા છે, અને જામનગર લઈ આવ્યા પછી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ફરિયાદની મહિતી મુજબ જામનગરના એક વેપારી ઓનલાઈને ફ્રોડ કરતી ટોળકીની ચૂંગાલમાં ફસાયા હતા, અને એક ઈન્વેસ્ટમેન્ટ એપ્લિકેશન મારફતે રોકાણ કરાવી દર મહિને ૨૫ ટકા જેટલું રિટર્ન આપવાની લાલચ આપી હતી અને ૫૦ લાખથી વધુની રકમ મેળવી લઈ છેતરપિંડી આચરી હતી. આ સમગ્ર મામલે જામનગરના સાઈબર સેલના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, અને સાયબર પોલીસની ટીમ સમગ્ર ફરિયાદ મામલે ઊંડાણપૂર્વકની તપાસ કરી હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી ઊંડાણપૂર્વકની તપાસના આધારે પશ્ચિમ બંગાળના કલકત્તા અને હાવડા શહેર સુધી તપાસનો દોર લંબાવ્યો હતો, ત્યાંથી કલકત્તા શહેરના વિદ્યાનગર વિસ્તારમાં રહેતા વિવેક સુશીલ કુમાર કનોરીયા (ઉ.૩૮), તેમજ કલકત્તાના હાવડા વિસ્તારમાં રહેતા ભગતસિંહ ઈન્દ્રચંદ્ર વર્મા (ઉ.૪૧) ની અટકાયત કરી લીધી હતી. અને બંનેને જામનગર લઈ આવ્યા પછી ઉપરોકત ગુનામાં અટકાયત કરી લઈ રિમાન્ડ પર લેવાની કાર્યવાહી હાથ ધરી છે. ચિટરો જામનગરના ફરિયાદી વેપારી સાથે વોટ્સએપ પર વાતચીત કરી ઈન્વેસ્ટમેન્ટ માટેની મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી, અને ગોલ્ડ, ડાયમંડ તેમજ પ્લાસ્ટિક એમ જુદી-જુદી ત્રણ કોમોડીટીમાં ઓપ્શનમાં રોકાણ કરવાની લાલચ આપી દર મહિને ૨૫% જેટલું રિટર્ન આપવાની લોભામણી જાહેરાતો કરી હતી. અને તે મુજબના નાના નાના ત્રણ પેમેન્ટ કરાવીને ફાયદો કરાવી આપ્યો હતો. આથી વેપારી વિશ્વાસ કરી બેઠા હોવાથી વધુ રોકાણના બહાને કુલ અડધા કરોડથી વધુની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી આપી હતી. જે પૈસા મેળવી લીધા હતા, અને મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી લીધા હતા. જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં જાહેર કર્યું હતું અને પોલીસના હાથે તપાસના અંતે બે આરોપીઓ પકડાયા છે. આ પ્રકરણમાં હજુ અન્ય કોણ કોણ સંડોવાયેલું છે તે અંગે જાણવા માટે કવાયત કરવામાં આવી રહી છે.

## જ્ઞાનવાપી કેસમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય

# જ્યાં શિવલિંગનો દાવો કરવામાં આવે છે, તે પાણીની ટાંકી સાફ કરવામાં આવશે

નવીદિલ્હી,

કાશીના જ્ઞાનવાપી કેસમાં સુપ્રીમ કોર્ટે મંગળવારે મોટો નિર્ણય સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે મસ્જિદ પરિસરમાં હાજર પાણીની ટાંકી (વુજુખાના) સાફ કરવાની મંજૂરી આપી છે. નોંધનીય છે કે હિન્દુ પક્ષે આ જ ધામમાં શિવલિંગ હોવાનો દાવો કર્યો છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે હિન્દુ પક્ષની અરજી પર આ નિર્દેશ આપ્યો હતો. હકીકતમાં, હિન્દુ પક્ષે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને મસ્જિદ પરિસરમાં ભગવાનની પૂજા કરવાની પરવાનગી માંગી હતી. તેમજ તે ટાંકીમાં મરેલી માછલીઓ હોવાથી



પાણીની ટાંકીની સફાઈ કરવા માંગ કરાઈ હતી. હિન્દુ પક્ષની અરજીનો મસ્જિદ પ્રબંધન સમિતિએ વિરોધ કર્યો ન હતો.

સુપ્રીમ કોર્ટની બેન્ચે પોતાના આદેશમાં કહ્યું કે ટાંકીની સફાઈ વારાણસીના જિલ્લા કલેક્ટરની દેખરેખ હેઠળ થવી જોઈએ. વરિષ્ઠ વકીલ માધવી દિવાન હિન્દુ પક્ષ વતી સુપ્રીમ કોર્ટમાં હાજર થયા હતા. મસ્જિદ સમિતિ વતી વરિષ્ઠ વકીલ હુઝૈફા અહમદી હાજર થયા હતા.

તમને જણાવી દઈએ કે, મે ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટે મસ્જિદના વુજુખાનામાં શિવલિંગ મળવાના દાવા બાદ વુજુખાનાને સીલ કરવાનો આદેશ આપ્યો હતો. જો કે, સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષને નમાજ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. ગયા વર્ષે, હિન્દુ પક્ષની માંગ પર, સુપ્રીમ કોર્ટે પુરાતત્વ વિભાગને મસ્જિદ સંકુલનો સર્વે કરવાની મંજૂરી આપી હતી. આ જ સર્વેમાં મસ્જિદ સંકુલના બાથરૂમમાં શિવલિંગ જેવો આકાર મળી આવ્યો હતો. હિન્દુ પક્ષે તેને શિવલિંગ હોવાનો દાવો કર્યો હતો.

# ઠંડી-ધુમ્મસનો કહેર : ૧૦ થી વધુ રાજ્યોમાં ત્રણ દિવસ સુધી વરસાદની શક્યતા : ૪૦૦ ફ્લાઈટ પ્રભાવિત

નવીદિલ્હી,

ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં સારો સૂર્યપ્રકાશ હોવા છતાં કોલ્ડવેવના કારણે ઠંડીમાં કોઈ ઘટાડો થયો ન હતો. ગાઢ ધુમ્મસના કારણે દિલ્હીમાં ૪૦૦ થી વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ અને ૧૦૦ થી વધુ ટ્રેનોને અસર થઈ છે. ૬૮ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી, જ્યારે ચાર ફ્લાઈટને જયપુર અને એકને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી.

હવામાન વિભાગે જણાવ્યું કે, ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં આગામી ત્રણ દિવસ સુધી ઠંડીનું મોજું યથાવત રહેશે. નબળા પશ્ચિમી વિક્ષેપ ૧૬ જાન્યુઆરીએ પશ્ચિમ હિમાલયન ક્ષેત્રને અસર કરી શકે છે. તેની અસરને કારણે જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, લદ્દાખમાં ૧૬-૧૭ જાન્યુઆરી અને ઉત્તરાખંડમાં ૧૭-૧૮ જાન્યુઆરીએ કેટલાક સ્થળોએ હળવો અને ભારે વરસાદ થઈ શકે છે. બિહાર, ઝારખંડ, છત્તીસગઢ અને પૂર્વોત્તર રાજ્યોમાં કેટલીક જગ્યાએ વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સવારે પંજાબ, દિલ્હી, રાજસ્થાન, બિહાર, આસામ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમના મોટાભાગના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયું હતું. દિલ્હીમાં સતત ચોથા દિવસે તાપમાનનો પારો ૩.૩ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડ્યો હતો. તે જ સમયે, પંજાબના નવાશહરમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૦.૨ ડિગ્રી અને હરિયાણાના મહેન્દ્રગઢમાં ૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જાન્યુઆરીમાં બરફથી ભીંજાયેલું કાશ્મીર નવા વર્ષના ૧૫ દિવસ પછી પણ સૂકું છે. ચિલ-એ-કલાન (અતિ ઠંડી)ના વીસ દિવસ પછી પણ ખીણમાં હિમવર્ષા થઈ નથી.

ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ફૂંકાતા ઠંડા પવનોને કારણે સવારે પીગળવાનો અહેસાસ થયો હતો. દિલ્હીમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ચાર ડિગ્રી ઓછું હતું. આ સિઝનની સૌથી ઠંડી સવાર હતી. પ્રાદેશિક હવામાન કેન્દ્ર, નવી દિલ્હી અનુસાર,દિલ્હીનું મહત્તમ તાપમાન ૧૯.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તે જ સમયે, લઘુત્તમ તાપમાન ૩.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ચાર ડિગ્રી ઓછું છે. તે રવિવાર કરતાં ૦.૨ ડિગ્રી ઓછું છે. હવામાન વિભાગે આગામી બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

તે જ સમયે, ધુમ્મસના કારણે ફ્લાઈટ્સ વિશે માહિતી ન મળવાને કારણે મુસાફરો ચિંતિત રહ્યા. નારાજ મુસાફરો સુરક્ષા કર્મચારીઓ અને એરપોર્ટ પ્રશાસન સાથે ઝઘડો પણ કરી રહ્યા છે. તેઓ ઉડ્ડયન કંપનીઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કરતા જોવા મળે છે. પ્લેનમાં ચઢ્યા પછી ટેક ઓફ ન થવાના કિસ્સામાં ક્રૂ મેમ્બરો સાથે મારામારી પણ થાય છે. મિલાન જઈ રહેલા મુસાફર સુધીર ચઢ્ઢાએ જણાવ્યું હતું કે એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર છે ૧૩૭ રવિવારે ૨ વાગ્યે ઉપડતી હતી. પરંતુ સાંજે ૬ વાગ્યા સુધી પ્લેનની સ્થિતિ જાણી શકાઈ ન હતી. બાદમાં કહેવામાં આવ્યું કે તેની ફ્લાઈટ કેન્સલ થઈ ગઈ છે.

# વાંકાનેર બોગસ ટોલનાકા કેસમાં ભાજપ નેતા સહિત ૩ આરોપીઓની ધરપકડ

મોરબી,

મોરબીનાં વાંકાનેરમાં બોગસ ટોલનાકા કેસની તપાસમાં પોલીસ દ્વારા ભાજપનાં આગેવાન સહિત ૩ આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે ભાજપ નેતા ધર્મેન્દ્રસિંહ ઝાલા, યુવરાજસિંહ ઝાલા અને હિતેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ કરી છે. બોગસ ટોલનાકા મામલે ૬ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી. ટોલનાકા કેસનાં મુખ્ય આરોપી અમરશી પટેલ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. તેમજ અગાઉ ૨ આરોપીઓની ધરપકડ કરાઈ હતી. મોરબીનાં વાંકાનેર હાઈવે પર નકલી ટોલનાકા મામમલે પોલીસે રવિરાજસિંહ ઝાલા અને હરવિજયસિંહ ઝાલાની




ધરપકડ કરી હતી. ત્યારે મોરબી-વાંકાનેર હાઈવે પર સિદસર ઉમિયાધામનાં પ્રમુખ જેરામભાઈનાં પુત્ર અમરશીભાઈએ ફેક્ટરી ભાડે રાખી નકલી ટોલનાકુ શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારે દોઢ વર્ષ સુધી નકલી ટોલનાકાથી કરોડો રૂપિયા ઉઘરાવનારા અમરશીભાઈ હજુ પોલીસ પકડથી દૂર છે. મોરબીનાં વાંકાનેરમાં વઘાસિયા ટોલનાકાની બાજુમાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદે ટોલનાકું ધમધમી રહ્યું છે. ત્યારે આ નેશનલ હાઈવે પરથી રોજનાં હજારો વાહનો પસાર થાય છે. ત્યારે કેટલાક વાહન ચાલકો ટોલ બનાવવા માટે બાજુનાં ગામમાંથી પસાર થાય છે. ત્યારે વાહન ચાલકોની આ કર ચોરી કરવાની ટેવનાં કારણે કેટલાક અસામાજી તત્વો દ્વારા કમાણી કરવાનો રસ્તો અપનાવ્યો છે. ત્યારે ટોલનાકા નજીક બંધ કારખાનામાંથી રસ્તો કાઢી ટોલ ઉઘરાવવામાં આવતો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. મોરબીનાં વાંકાનેર વઘાસિયા ટોલનાકાની બાજુમાં ગેરકાયદે ટોલનાકું બનાવાયું હતું. ત્યારે કેટલાક અસામાજીક તત્વો દ્વારા વ્હાઈટ હાઉસ સિરામિકનાં કારખાનામાંથી ગેરકાયદેસર રીતે રસ્તો બનાવાયો હતો. આ રસ્તા પર રવિરાજસિંહ અને હરવિંરસિંહ નામનાં બે શખ્શો ટોલનાકુ ચલાવતા હતા. કારખાનેદારની પણ આ ગેરદાયકે ટોલનાકું બનાવવામાં સંડોવણીની શક્યતા છે.

# પ્રાણ જાય પણ વચન ના જાયે ને ખરા અર્થમાં સાબીત કર્યું મહીસાગરના મલેકપુર પાસે આવેલ ઝરખવાડાના રામ ભક્તે



લુણાવાડા,
સમગ્ર દેશમાં રામ મંદીર સ્થાપનને લઈ દરેક હિંદુ આંનદની લાગણી અનુભવી રહ્યો છે અને ભગવાન શ્રીરામના મંદિર સ્થાપનને લઈને પણ ઘરે ઘરે જઈ અક્ષત વિતરણ તેમજ પત્રીકા વિતરણ કરી રહ્યા છે. ત્યારે વર્ષો પછી હિંદુની આસ્થા અને પ્રતીક્ષાનો હવે અંત થઈ રહ્યો છે. જેને લઈ દરેક ગામ અને ઘરે ઘરે દિવાળી જેવો મહાલો અને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે કેટલાય એવા રામ ભક્તો છે. જેઓ રામ માટે કેટકેટલીય પ્રતિજ્ઞા સાથે આજે પણ જીવી રહ્યા છે અને કેટલાય લોકો પ્રતિજ્ઞા સાથે દેવલોક પણ થઈ ગયા. બીજી તરફ રામભક્તો પોતાની ભક્તિને અલગ અંદાજમાં પણ દર્શાવી રહ્યા છે. ત્યારે મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના ઝરખવાડા ગામના વાતની દેવસિંગભાઈ દલાભાલભાઈ માલીવાડે ૧૯૯૦ માં કારસેવકો સાથે સેવામાં ગાય હતા. ત્યાંના દ્રશ્ય જોઈ મન વિચલિત થયું કે ભગવાન રામનું ઘર નથી. ત્યારે તેમણે ત્યાં પ્રતિજ્ઞા લીધી કે તેમનું નવું ઘરનું નિર્માણ થશે તો હું મારી દાઢી, વાળ ઉતારીશ ૩૫ થી વધુ વર્ષોનો સંઘર્ષ પૂરો થતા દેવજીભાઈ ઘરે ઘરે જઈ અક્ષત વિતરણ કરી રહ્યા છે.

પ્રાણ જાય પણ વચનના જાયેને ખરા અર્થમાં સાબીત કર્યું મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર ગ્રુપ ગ્રામ પંચાયતમાં આવેલું ઝરખવાડા ગામના વતની દેવસિંગભાઈ દલાભાલભાઈ માલીવાડે પોતાના જીવનના ૩૫ થી વધુ વર્ષો રામભક્તિ અને રામને સમર્પિત કર્યા હોય તેમ ૧૯૯૦ માં કારસેવકો સાથે ૩૫ વર્ષની ઉંમરે અયોધ્યા ગાય હતા. તેમની સાથે આજુબાજુ ગામના ચાર યુવાનો તેમજ નંદુમહારાજ તેમજ કોઠારીબંધુ સાથે હતા. અયોધ્યા ગયા ત્યાં અનેક સંતો મહંતો ઉપસ્થિત હતા, ત્યાં ગોડી બારીમાં કોઠારીબંધુનું અવસાન થયું. ત્યાં પણ તેઓ ૧૦ દિવસ જેલવાસ કર્યો ત્યાં ના દશ્યો જોઈ તેમણે ભગવાનનું ઘર બનશે, ત્યારે હું અયોધ્યા આવીશ અને મારી દાઢી મૂછ ઉતારીશ, તેવી પ્રતિજ્ઞા લીધી અને ગામે ગામ જઈ ભગવાન રામ દરેક લોકોના હદયમાં જીવિત રાખી તેમની ધૂન આજે પણ ચાલુ રાખી છે. ત્યારે ૩૫ થી વધુ વર્ષોનો સંઘર્ષ કાર્ય બાદ હવે આ પ્રતીક્ષા પૂર્ણ થતા જાણે યુવાની જેવો ફરી ઉત્સાહ હોય તેમ હવે ઘરે ઘરે જઈ અક્ષત અને પત્રીકા વિતરણ કરી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણનો આંનદ તેમના મુખ અને ગામમાં જોવા મળે છે.

ભગવાન રામે પોતાના વચન પાલનમાં અયોધ્યાનું રાજ મૂકી વર્ષનો વનવાસ લીધો હતો. ત્યારે મર્યાદા પુરૂષોત્તમ કહેવાતા ભગવાન રામ વન વનમાં ભટકી અને લોકોના આદર્શ બન્યા અને મર્યદા પુરૂષોત્તમ પણ કહેવાયા અને આજે પણ તેમના અનેક પ્રસંગો વર્ણવાય છે. ત્યારે ભગવાન રામના વચનો સાથે અને તેમના પથપર ચાલનારા દેવસિંગભાઈ માલીવાડ પ્રાણ જાય પણ વચન ન જાય આ રીત રઘુકુળની રીત તે જ રીત સાથે આજે પણ મક્કમ રીતે દેવસિંગભાઈ પોતાના ૩૫ વર્ષના બલિદાન સાથે વાળ નથી ઉતાર્યા અનેક એવા પ્રસંગો બન્યા.જેમાં દેવસિંગભાઈ વિચલિત થતા પણ તેમણે પોતાના વચન અને ભગવાન રામને પ્રથમ રાખ્યા તેમના માતા–પિતા મૃત્યુ થયા. ત્યારે અનેક લોકોએ સમાજના અગ્રણીઓએ તેમને સમજાવ્યા કે હિંદુ રીતે રિવાજ મુજબ મુંડન કરાવવું અને સુતક ઉતારવું એક પરંપરા છે, જે પુત્ર કરવી પડતી હોય છે દેવસિંગભાઈએ નાતો માથાના વાળ ઉતર્યા ન તો દાઢીમૂછ કાઢવી આજે જયારે દેવસિંગભાઈના ભગવાન રામનું મંદિર અને તેમનું ઘર હવે તૈયાર થઈ ગયું છે. ત્યારે દેવશી કાકા હવે અયોધ્યા જઈ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરશે. બીજી તરફ ગામના લોકોને પણ દેવસિંગભાઈ ની આ પ્રતિજ્ઞા પર ગર્વ અનુભવી રહ્યા છે અને દેવસિંગભાઈ આજે દેવસિંગભાઈ મહારાજ તરીકે ઓળખાય છે. ત્યારે હવે ગામેગામ જઈ અક્ષત વિતરણ કરી રહ્યા છે અને પરિવારમાં એક અનેરો આનંદ છે.

# સાંસદની અધ્યક્ષતામાં વખતપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા : જનવટીયા મહાદેવ ખાતે મંદિર સ્વચ્છતા અભિયાન

લુણાવાડા,
વિકસિત રાષ્ટ્રના નિર્માણ તરફ અગ્રેસર થયેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ પંચમહાલ લોકસભા સાંસદ રતનસિંહ રાઠોડની અધ્યક્ષતામાં રથ ઈન્ચાર્જ મુળજીભાઈ રાણાની ઉપસ્થિતિમાં મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના વખતપુર ગામે આવી પહોંચતા ગ્રામજનોએ ઉમળકાભેર વધાવ્યો હતો.



કાર્યક્રમમાં પીએમ કિસાન સન્માન નિધિ યોજના, આયુષ્માન ભારત યોજના, પૂર્ણાશક્તિ યોજના, મુખ્યમંત્રી માતૃશકિત યોજનાના સ્થાનિક મેરી કહાની મેરી જુબાની અંતર્ગત લાભાર્થીઓએ પોતાના સરકારી યોજનાઓના લાભોના અનુભવો જણાવ્યા અને લોકોને સરકારી યોજનાઓનો લાભ લેવા વિનંતી કરી હતી. આ કાર્યક્રમમાં ગ્રામજનોએ આંગણવાડી, આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત નિઃશુલ્ક કેમ્પનો ગ્રામજનોએ લાભ લીધો હતો. શાળાના તેજસ્વી તારલાઓને પ્રમાણપત્ર તેમજ વિવિધ વિભાગના લાભાર્થીઓને સાંસદ સહીત મહાનુભાવોના હસ્તે સરકારી યોજનાઓના લાભ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગ્રામજનોએ સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ, કાર્યો–ઉપલબ્ધીઓની ઝાંખી દર્શાવતી શોર્ટફિલ્મ નિહાળીને વિકસિત ભારતના નિર્માણમાં પોતાના બહુમૂલ્ય યોગદાન આપવા માટે સામુહિક શપથ લીધા હતા. આ કાર્યક્રમમાં ભાજપ ઉપપ્રમુખ જયંતીભાઈ, તાલુકા મહામંત્રી હિંમતસિંહ, અગ્રણીઓ ભલાભાઈ, ગોરધનભાઈ, ભારતસિંહ, સરપંચ, ગ્રામ પંચાયત સભ્યો, તલાટી, દૂધમંડળી ચેરમેન, સહીત ગામના અગ્રણીઓ, આસપાસની ગ્રામ પંચાયતના સરપંચો, અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ બાદ સાંસદે પ્રધાનમંત્રીની પ્રેરણાથી રામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સુધી મંદિર સ્વચ્છતા અભિયાન અંતર્ગત દેયડી વખતપુર ગામના જનવટીયા મહાદેવ ખાતે સફાઈ કરી હતી જેમાં આગેવાનો જોડાયા હતા.

# ઉમરેઠ શાળાના નિવૃત્ત શિક્ષિકાના પતિએ પેન્શનના નામે ૧૫.૩૬ લાખની ઠગાઈ કરી

આણંદ,
ઉમરેઠ પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષિકાના પતિ દ્વારા વર્ષ–૨૦૦૩થી ૨૦૨૨ સુધી લગ્નના ખોટા સર્ટીનો ખરા તરીકે ઉપયોગ કરીને કુટુંબ પેન્શન મેળવ્યુ હતુ. અને સરકાર સાથે રૂ.૧૫.૩૬ લાખની છેતરપિંડી કરી હતી. આ અંગે આણંદ ટાઉન પોલીસ મથકમાં શિક્ષિકાના પતિ સામે ફરિયાદ નોંધાવવા પામી છે. ઉમરેઠ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા નિરૂપાબેન ચુનીલાલ પટેલ તા.૩૧ જુલાઈ ૨૦૦૦ના રોજ સ્વૈચ્છિક નિવૃત્ત થયા હતા. તેણીનુ તા.૪ ફેબ્રુઆરી ૨૦૦૧ના રોજ અવસાન થતાં તેમના પતિ તરીકે રાજેન્દ્રકુમાર પરસોત્તમભાઈ પટેલ કુટુંબ પેન્શન મેળવતા હતા. તેઓ પોતે પણ શિક્ષક તરીકે નોકરી કરતા હતા. જેથી તેઓ પોતાનુ પેન્શન પણ મેળવે છે. ત્યાર બાદ વર્ષ–૨૦૨૧માં રાજેન્દ્રકુમારએ અરજી કરી હતી કે,તેમના પત્નિના અવસાન બાદ તેમણે ૩ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ બીજા લગ્ન કરી પ્રથમ પત્નિનુ કુટુંબ પેન્શન મેળવતા નથી તેવુ પ્રમાણપત્ર આપવા માંગણી કરી હતી. તેમજ બીજા લગ્ન અંગે ચીફ ઓફિસર ઉમરેઠ નગરપાલિકાનુ લગ્ન રજીસ્ટ્રેશનનુ પ્રમાણપત્ર રજુ કર્યુ હતુ. આ અંગે લગ્ન નોંધણીના પ્રમાણપત્રની ખરાઈ કરતા તેમણે ૨ માર્ચ ૨૦૦૩ના રોજ બીજા લગ્ન કર્યા હોવાનુ અને લગ્નની નોંધણી ૩ જાન્યુઆરી ૨૦૦૩ના રોજ કરી હોવાનુ જણાઈ આવ્યુ હતુ. જેથી આ અંગે પુછપરછ કરતા તેમણે ઉમરેઠ પાલિકાના પ્રમાણપત્રમાં ભુલ થઈ હોવાનુ જણાવીને વિદ્યાનગર પાલિકાનુ તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજનુ લગ્નનુ પ્રમાણપત્ર રજુ કર્યુ હતુ. આ ઉપરાંત આણંદ તિજોરી કચેરી અને પાલિકાએ પત્ર વ્યવહાર કર્યો હતો. અને જેમાં બીજા લગ્ન ૨ માર્ચ ૨૦૦૩ના રોજ થયા હોવાની ખરાઈ થઈ હતી. જેથી તેણે તે દરમિયાન પેન્શન મેળવ્યુ હતુ. ૨૦૦૩થી ૨૦૨૦ સુધી તેની પત્નિના નામનુ ૧૫.૨૬ લાખનુ પેન્શન મેળવી સરકાર સાથે વિશ્વાસઘાત કર્યો હતો. અને પેન્શનની વસુલાત કરવા પણ તાકિદ કરી હતી. અને પેન્શનનુ બેંક ખાતુ પણ સીઝ કરી દીધુ હતુ. આ ઉપરાંત ૪.૭૧ લાખની પેન્શનની રકમની આરોપી રાજેન્દ્રકુમાર પટેલ પાસેથી વસુલાત કરાઈ છે. આણંદ જિલ્લા તિજોરી કચેરી ખાતે અધિક તિજોરી અધિકારી તરીકે ફરજ બજાવતા શૈલેષકુમાર બાલુભાઈ ડામોરે ફરિયાદ નોંધાવી છે.

# સંતરામપુરના ટીભરવામાં દિપડાએ વૃદ્ધા પર હુમલો કરતા ઈજાગ્રસ્ત

સંતરામપુર,
સંતરામપુર તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી દિપડાનો આતંક જોવા મળી રહ્યો છે. ત્યારે ફરી એકવાર દિપડાના હુમલાની ઘટના સામે આવી છે. જેમાં એક વૃદ્ધા પર દિપડાએ હુમલો કરતા મહિલાના હાથના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. સંતરામપુર તાલુકાના ટીભરવા ગામે દિપડાના હુમલાની ઘટના બનવા પામી છે. જેમાં ઝુંપડા આગળ સુઈ રહેલી મહિલાના ખાટલા પાસે શિકારની શોધમાં દિપડો આવી પહોંચ્યો હતો. મહિલા કુતરૂ સમજીને તેને હાંકવા જતા વૃદ્ધ મહિલાના હાથના ભાગે દિપડાએ ઈજાઓ પહોંચાડી હતી. સદ્નસીબે આ ઘટનામાં મહિલાને વધુ ઈજાઓ થઈ ન હતી. જયારે બનાવ અંગે વનવિભાગ પાસે મળતી માહિતી પ્રમાણે ટીભરવા ગામે પાંજરૂ મુકવાની કામગીરી હાથ ધરવામાં આવશે.દિપડાના હુમલાની ઘટનાને લઈ ગ્રામજનોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો.

# ખાનપુરના ઝેર ગામે ઘરમાં આગ લાગતા ઘરવખરી સહિત રોકડ બળી જતાં ૧૨ લાખ ઉપરાંતનુ નુકસાન

ખાનપુર,
પ્રાપ્ત માહિતી અનુસાર ઝેર ગામના રાવત હેમાભાઈ રૂપાભાઈ જેમના ઘરમાં અચાનક આકસ્મિક રીતે આગ લાગતા ઘર વપરાશના સાધનો તેમજ ઘરમાં રહેલ રોકડ રકમ, ખાવા–પીવાની વસ્તુઓ બળીને ખાખ થઈ જવા પામી હતી. પરિવારો અગ્નિશામક તંત્રની રાહ જોઈ બેઠા છે ત્યારે કાચુ ઘર હોવાના કારણે આગ કાબુમાં લેવી મુશ્કેલી પડી રહી હતી. તંત્ર વહેલી તકે સ્થળની મુલાકાત લઈ યોગ્ય વળતર આપે સાથે ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ફાયર સેફ્ટીની સુવિધા તંત્ર દ્વારા પુરી પાડવામાં આવે એવુ સ્થાનિકો માંગ માંગ કરી રહ્યા છે. કારંટા જિલ્લા પંચાયત પ્રતિનિધિ ગજેન્દ્રસિંહ માલીવાડ દ્વારા રૂબરૂ મુલાકાત કરી ૫ હજારનો ચેક આપી પરિવારને આશરો આપ્યો હતો. જયારે આજથી ૧૦ થી ૧૨ લાખનુ નુકસાન થયુ હતુ. જેમાં પાંચ લાખના દાગીના અને ચાર લાખ રૂપિયા રોકડા હતા જે મોટાભાઈને કેન્સર હોવાના કારણે ભેગા કર્યા હતા. પરિવાર પાસે કોઈ ડોક્યુમેન્ટ બચ્યા નહિ હોવાથી બધા બળીને ખાખ થઈ જવા પામ્યા હતા.

# પક્ષીઓની સારવાર:દાહોદમાં પતંગની દોરીથી ૯૧ પક્ષીઓ ઈજાગ્રસ્ત થતા પક્ષીઓને સારવાર અપાઈ



દાહોદ,
દાહોદ જીલ્લામાં ઉત્તરાયણ નિમિત્તે ઈજાગ્રસ્ત પક્ષીઓ માટે પશુપાલન વિભાગ દ્વારા સારવાર કેન્દ્રો કાર્યરત કરાયા હતા. જેમાં ૯૧ પક્ષીઓને સારવાર અપાઈ હતી. ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે ઉત્તરાયણ નિમિત્તે પશુપાલન વિભાગ દ્વારા ઈજાગ્રસ્ત પશુ પક્ષીઓની સારવાર માટે ખાસ કેન્દ્રો શરૂ કરવામા આવે છે. તેવી જ રીતે આ વખતે જીલ્લામાં ૨૭ જેટલા ખાસ સારવાર કેન્દ્ર અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો કાર્યરત રખાયા હતા.

આ વખતે ઉત્તરાયણના દિવસથી આજ દિન સુધી ૯૧ જેટલા ઈજાગ્રસ્ત પક્ષીઓ મળી આવ્યા છે. જે ઘાયલ પક્ષીને સારવાર આપવામા આવી રહી છે. જેમાં સૌથી વધુ ૩૯ કબુતર, ૫ સમડી, ૩ ઘુવડ, ૨ પોપટ, ૧ કાગડો, ૧ શિકરા અન્ય પ્રજાતિ ૪૦ મળી ૯૧ પક્ષીઓનો સમાવેશ થાય છે. વહીવટીતંત્રની મુહિમ અને લોક જાગૃતિને કારણે જીલ્લામા કોઈ પક્ષીઓના મોત થયુ હોવની જાણકારી નથી. આ ઉત્તરાયણ નિમિત્તે આ કરૂણા અભિયાનમાં સરકારી કર્મચારીઓ મળી કુલ ૮૦ જેટલા લોકો ની સાથે ૨૭ ટીમો જોડાઈ હતી. દાહોદ જીલ્લામાં કરૂણા અભિયાન હજી ૨૦મી જાન્યુઆરી સુધી ચાલશે જે દરમ્યાન ઘાયલ પક્ષીઓને સારવાર કર્યા બાદ સ્વસ્થ થયા પછી મુક્ત કરવામા આવશે.

# ગોધરા પોલન બજારમાં બાળકોના આરોગ્યને ધ્યાને લઈ ગંદકીના ઉકરડા દુર કરવામાં આવે તેવી માંગ સાથે રજુઆત

ગોધરા,
ગોધરા પશ્ચિમ વિસ્તારમાં પોલન બજાર વિસ્તારમાં ગંદકી ઠાલવવામાં આવતી હોય ગંદકી અને દુર્ગંધથી લોકો પરેશાન થઈ રહ્યા છે. તેમાં પણ આ ઉકરડાની નજીક ઉર્દુ કન્યાશાળા અને ઉર્દુ કુમાર શાળા આવેલ હોય ત્યારે ગંદકીને લઈ બાળકોના આરોગ્ય જોખમાઈ રહ્યું છે. ત્યારે પાલિકા તંત્ર સ્વચ્છતા માટે પગલાં ભરે તેવી માંગ ઉઠવા પામી છે.

ગોધરા પોલન બજાર વિસ્તારમાં નગર પાલિકાના દ્વારા જાહેરમાં ઉકરડા માટે કન્ટેનરો ગોઠવી દેવામાં આવ્યા છે. આ કન્ટેનરોમાં ગંદકી અને કચરો ઉભરાઈ જવા છતાં પાલિકા દ્વારા ઉપાડી લેવામાં આવતો નથી. પરિણામે ગંદકી અને દુર્ગંધનું સામ્રાજય જોવા મળે છે. દુર્ગંધ થી લોકો પરેશાન થઈ રહ્યા છે. તેમાં પણ આ કચરાના ઢગલાની બીલકુલ નજીક ઉર્દુ કન્યાશાળા અને ઉર્દુ કુમારશાળા આવેલ છે. આ શાળામાં હજારો બાળકો અભ્યાસ કરતા હોય આવા બાળકોના આરોગ્ય ઉપર પણ ગંદકી અને દુર્ગંધની અસર થતી હોય ત્યારે આ કચરાના કન્ટેનરો ઉભરાવવા નહિ દઈને બદલવામાં આવે તો ગંદકી અને દુર્ગંધથી લોકોને છુટકારો મળે તેમ છે. તેવી માંગ સાથે લોકહિત જાગૃત યુવા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા જીલ્લા નાયક કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી.

# કાલોલના ખડકી બસ સ્ટેન્ડ પાસે રસ્તો ક્રોસ કરતાં ૭૦ વર્ષીય વૃધ્ધને ટક્કર મારી ઈજાઓ પહોંચાડતા મોત નિપજાવા પામ્યું

કાલોલ,
કાલોલ તાલુકાના ખડકી બસ સ્ટેન્ડ પાસે હાઈવે રોડ ઉપરથી ૭૦ વર્ષીય વયોવૃધ્ધ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે એસ.ટી.બસના ચાલકે અડફેટમાં લઈ માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ખડકી ગામે બસ સ્ટેન્ડ પાસે હાઈવે રોડ ઉપર મંગળભાઈ ભાથીભાઈ પટેલ ઉ.વ.૭૦ રોડ ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે રોડ ઉપરથી પસાર થતી એસ.ટી.બસ નં.જીજે.૧૮.ઝેડ.૯૬૨૧ના ચાલકે પોતાની બસ પુરઝડપે હંકારી લાવી વયોવૃધ્ધ મંગળભાઈ પટેલને અડફેટમાં લઈ અકસ્માત કરતાં શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર અર્થે ખસેડતા સારવાર દરમિયાન મરણ ગયા હતા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે જયંતિભાઈ પ્રભાતભાઈ પટેલ એ બસ ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# વેજલપુર મોટા મહોલ્લામાં ઘર આગળ પાર્ક કરેલ મારૂતી સુઝુકી ગાડીની ચોર ઈસમો ચોરી જતાં ફરિયાદ

વેજલપુર,
કાલોલ તાલુકાના વેજલપુર ગામે મોટા મહોલ્લામાં રહેતા ફરિયાદીની જુના મોડેલની મારૂતી ગાડીને આંગણામાં પાર્ક કરેલ હતી. તેને અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી જતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ વેજલપુર ગામે મહોલ્લામાં રહેતા ઈરફાન ઈબ્રાહિમ કાલુની મારૂતી સુઝુકી ગાડી નં.જીજે.૦૬. સી.એમ.૨૦૦૪ જુના મોડેલની કિંમત ૭૦,૦૦૦/–ઘરના આંગણામાં પાર્ક કરી મૂકેલ હતી. જે તા.૩૧ ઓકટોમ્બર ૨૦૨૩ થી ૧ નવેમ્બર ૨૦૨૩સુધીના સમયગાળામાં કોઈ ચોર ઈસમો દ્વારા સ્ટેરીંગ લોક તોડીને ચોરી કરી ગયેલ હોય આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા ગોવિંદી દશામા ફાટક પાસે રહેતી યુવતિને આરોપીએ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા શહેર ગોવિંદી દશામાં ફાટક મંદિર સામે દર્શન સોસાયટીમાં રહેતી ફરિયાદી યુવતિ સાથે વાવડી બામરોલી રોડ ખાતે રહેતા આરોપી સાથે રીલેશન હોય અને છેલ્લા એક વર્ષથી કોઈ સંબંધ ન હોય તેની અદાવત રાખી ઝગડો તકરાર કરી ગડદાપાટુનો મારમારી લાકડી હાથમાં મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર ગોવિંદી દશામા ફાટક મંદિર સામે દર્શન સોસાયટીમાં રહેતી ફરિયાદી યુવતિને વાવડી બામરોલી રોડ ખાતે રહેતા આરોપી કર્મવીર વિરેન્દ્રસિંહ સોલંકી સાથે રીલેશન હતા અને છેલ્લા એક વર્ષથી કોઈ સંબધ ન હોય તેની અદાવત રાખી કર્મવીર એ યુવતિ સાથે ઝગડો તકરાર કરી ગડદાપાટુનો માર માર્યો હતો અને હાથમાં રાખેલ લાકડી યુવતિના હાથ ઉપર મારી હતી. આરોપી કર્મવીર અને વિરેન્દ્રસિંહ સોલંકીએ જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યાની ફરિયાદ યુવતિ દ્વારા ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા આનંદનગર સોસાયટી પતંગ દોરીમાં ફસાયેલ ઘુવડને ૧૯૬૨ કરૂણા એમ્બ્યુલન્સ દ્વારા જીવ બચાવ્યો

ગોધરા,
ગોધરા આનંદનગર સોસાયટીમાં પતંગ દોરીમાં ઘુવડ ફસાયું હોય તેવા કરૂણા એમ્બ્યુલન્સ ૧૯૬૨ને કોલ આવતા કરૂણા એમ્બ્યુલન્સની ટીમે ઘટના સ્થળે દોડી આવી હતી. પતંગ દોરીમાં ફસાયેલા ઘુવડને દોરી માંથી બહાર કાઢીને બચાવી લેવાયું અને પશુ દવાખાનામાં લઈ જઈ સારવાર આપી મોતના મુખ માંથી બચાવી લેવામાં આવ્યું. ગોધરા સાયન્સ કોલેજ રોડ ઉપર આવેલ આનંદનગર સોસાયટીમાં પતંગની દોરીમાં ઘુવડ ફસાયેલ હોય તેવા કરૂણા એમ્બ્યુલન્સ ૧૯૬૨ને સ્થાનિક રહિશ દ્વારા કોલ કરવામાં આવ્યો હતો. કોલ મળતા ૧૯૬૨ના પાયલોટ રાજેન્દ્રસિંહ ચૌહાણ અને ડૉકટર મલ્હાર ખાંટ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પતંગ દોરીમાં ફસાયેલ ઘુવડને બહાર કાઢીને આબાદ રીતે બચાવી લેવામાં આવ્યું હતું. ઘુવડ પતંગ દોરીથી ઘાયલ થયેલ હોય તેને પશુ દવાખાનામાં લઈ જઈ સારવાર આપી મોતના મુખ માંથી બચાવી લેવામાં આવ્યું.

# વડોદરાના પીપરી ગામે મંદિરના જમીન વિવાદમાં જૂથ અથડામણ, ૪ ઈજાગ્રસ્ત

વડોદરા,
વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં પીપરી ગામે મંદિરની જમીન મુદ્દે મારામારી થઈ છે.જમીન વિવાદમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો થયો હોવાની ઘટના બની છે. જમીનનો વિવાદ વકરતા બે જૂથ આમને સામને આવી ગયા હતા. પથ્થરમારાની ઘટનામાં ૪ લોકો ઈજાગ્રસ્ત થયા છે. વડોદરાના પાદરા તાલુકામાં પીપરી ગામ આવેલુ છે, જેમાં મંદિર નિર્માણનું કામ ચાલી રહ્યુ છે. જેની પાછળની જગ્યામાં આવેલી જમીનને લઈને છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે.તેને લઈને એક જ કોમના બે જૂથ સામ સામે આવી ગયા હતા.આજે સવારે થયેલા જૂથ અથડામણમાં ૪થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જે પછી ગામમાં તંગદિલી ભર્યો માહોલ સર્જાયો હતો.સમગ્ર મામલાની જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જમીન વિવાદને લઈને વહેલી સવારે પીપરી ગામના બે જૂથ સામ સામે આવી ગયા હતા.જમીનનો વિવાદ વકરતા આમને સામને પથ્થરમારો થયો હોવાની પણ માહિતી મળી રહી છે. પથ્થરમારાની ઘટનામાં ૪ લોકોને ઈજા પહોંચી છે.જેમને ૧૦૮ની મદદથી સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સ્થળ પર પહોંચીને મામલો થાળે પાડ્યો હતો અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવાની તપાસ શરુ કરી હતી.આજે આ પથ્થરમારો કયા કારણોસર થયો અને સમગ્ર મામલો શું છે તે મામલે પોલીસે તપાસ શરુ કરી છે.સાથે જ પથ્થરમારો કરનારાને પકડવા માટેની તજવીજ પણ શરુ કરવામાં આવી છે.

# આપની આજ.......

મેષ : આજે તમારા માટે ખુશી અને શાંતિનો દિવસ રહેશે. મિત્રો અને પરિવાર સાથે મનોરંજન માટે પર્યટક સ્થળોની મુલાકાત લેવાની તક મળશે. વધુ ખર્ચાને કારણે પૈસા સંબંધિત સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

વૃષભ : આજે તમને મિશ્ર પરિણામ મળશે. સવારથી તમે શારીરિક થાક અને નબળાઈનો અનુભવ કરશો, જે આળસમાં વધારો કરશે. કાર્યમાં પણ આજનો દિવસ સામાન્ય રહેશે. નફો મેળવવા માટે તમારે વધુ મહેનત કરવી પડી શકે છે.

મિથુન : આજે તમારો દિવસ સાધારણ લાભકારક રહેશે. વધારે મહેનતને લીધે તમે થાક અનુભવો છો. સરકારી કામમાં ભાગદોડ પછી સફળતા મળશે. વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં વ્યસ્તતાને લીધે પરિવારની અવગણના કરવી પડી શકે છે. થોડી મહેનતથી તમને વધુ સફળતા મળશે. આજે આત્મવિશ્વાસ વધારે રહેશે.

કર્ક : આજે ફળદાયક દિવસ હોવાથી તમને શારીરિક અગવડતાનો અનુભવ થઈ શકે છે. હવામાન સતત બદલાતું રહે છે, તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. કાર્યસ્થળ પર વધારે કામના ભારણથી થાક રહી શકે છે.

સિંહ : તમારા માટે આજનો દિવસ મહેનતનો રહેશે. સખત મહેનત બાદ પણ કામમાં મોડું થતા નિરાશા વધી શકે છે. દિવસનો મોટાભાગનો સમય અશાંત રહેશે. નાની બાબતમાં ઘરે ઝઘડો થઈ શકે છે, તેથી શાંત રહો.

કન્યા : કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે સમય સારો છે. જો તમે રોકાણ અથવા રિયલ એસ્ટેટની ડીલ કરવાનું વિચારી રહ્યા છો તો આગળ ચર્ચા કરો. સારા ખોરાક અને વાહનથી આનંદ મળશે. જાહેર જીવન સારું રહેશે.

તુલા : જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો તે વધુ સારું છે, અત્યારે તમારે પૈસા જ્યાં છે ત્યાં રાખવા જોઈએ. તમારે કામ માટે વધુ દોડવું પડી શકે છે. ધંધામાં પૈસાના આગમનને કારણે થાક ભૂલી જશો.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે અયોગ્ય દિવસ રહેશે, જ્યાં તમને લાભની અપેક્ષા રહેશે ત્યાંથી નિરાશા મળશે. બપોર સુધીમાં કોઈ દુષ્ટતાનો ભય મનમાં રહેશે.

ધન : આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. આધ્યાત્મિકતામાં વિશેષ રુચિ રહેશે. પૂજા અને સત્સંગનું આયોજન કરશો. તમે કોઈ શુભ ધાર્મિક યાત્રા પર પણ જઈ શકો છો. અધૂરા કાર્યો પૂરા થવામાં વિલંબને કારણે તમે નિરાશ થશો, પરંતુ પ્રયત્ન કરતા રહો, થોડીક મહેનત કર્યા પછી તમને સફળતા મળી શકે છે.

મકર : આજનો દિવસ તમારા માટે પણ શુભ રહેશે. ઘરે સુખ-શાંતિ રહેશે. તમે દિવસભર શારીરિક અને માનસિક રીતે ફીટ રહેશો. જૂના રોગમાં સુધારણાથી રાહત મળશે. કાર્યક્ષેત્રે ઓછો સમય આપશો.

કુંભ : કાર્યમાં ઈચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં તમને આનંદ થશે, પરંતુ સરકારી કામ કરવા માટે આજનો દિવસ સારો નથી, મુશ્કેલીઓ વધી શકે છે. ઘર અને બહાર મુશ્કેલી મુક્ત વાતાવરણ બનાવવામાં રાહત મળશે.

મીન : આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. દિવસભર શારીરિક અને માનસિક ઉર્જા રહેશે. તમારું સામાજિક વર્તન સારુ રહેશે અને દિવસના પહેલા ભાગમાં તમારા બધા કામ સરળતાથી થઈ જશે પરંતુ તમારે લાભ માટે રાહ જોવી પડી શકે છે. પૈસા વિશે કોઈની સાથે દલીલ પણ થઈ શકે છે.

### લીમખેડા ત્રીજા એડિશનલ સેશન્સ કોર્ટનો ચુકાદાથી કોર્ટ સંકુલમાં સન્નાટો

# ધાનપુરમાં ૯ વર્ષ પહેલા દુષ્કર્મનો ભોગ બનેલી સગીરાને મળ્યો ન્યાય, આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકામાં ૯ વર્ષ પહેલા દુષ્કર્મનો ભોગ બનેલી સગીરાને આખરે ન્યાય મળ્યો હતો. આ કેસમાં દેર આયે દુરૂસ્ત આયેની ઉકિત સાર્થક થવા પામી હતી. જેમાં વર્ષ ૨૦૧૪ ની સાલમાં કાલા ખુટ ગામના નરાધમે પોતાની વાસના સંતોષવા સગીરાને નિશાન બનાવી દુષ્કર્મ આચર્યો હતો. જે બાદ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાયાના ત્રણ વર્ષ બાદ આરોપી ઝડપાયો હતો અને નવ વર્ષની ન્યાયિક પ્રક્રિયા બાદ લીમખેડા કોર્ટે આરોપીને દોશી ઠેરવી ૨૦ વર્ષની સજા ફટકારતા કોર્ટ સંકુલમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જીલ્લાની લીમખેડા કોર્ટનાં ત્રીજા એડિશનલ સેશન્સ જજ મહંમદ હનીફબેગ અકબરબેગ મિર્ઝા ગંભીર ગુનાઓમાં સમાજમાં ઉત્તમ દાખલો બેસે તેમજ ગુનાખોરી કરનાર તત્વોમાં કાયદાનો ડર બેસાડવા માટે આરોપીને કડકમાં કડક સજા ફટકારવા માટે સુખ્યાત બન્યા છે. ત્યારે અગાઉ દુષ્કર્મ, હત્યા તેમજ પોસ્કો જેવા ગુનામાં ત્રીજા એડિશનલ સેશન્સ જજ મહંમદ હનીફબેગ અકબરબેગ મિર્ઝાએ આરોપીઓને કડકમાં કડક સજા ફટકારવાનો આ સિલસિલો આજે પણ યથાવત રાખ્યો છે.જેમાં ધાનપુર તાલુકાના એક ગામમાં રહેતી ૧૩ વર્ષિય તરૂણી ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ પોતાના પિતા અને કાકા સાથે જંગલમાં લાકડા વીણવા માટે ગઈ હતી. પિતા અને કાકા દૂર નીકળી જતાં તરૂણી એકલી રહી ગઈ હતી.આ વખતે બાઇક લઈને આવેલા કાળાખુંટ ગામના નરેશ ચેનિયા મિનામા અને તેની સાથેના એક યુવકે તેની એકલતાનો લાભ લીધો હતો. નરેશે તરૂણી સાથે બળપૂર્વક દુષ્કર્મ આચર્યુ હતું. બૂમાબૂમ સાંભળીને પિતા–કાકા દોડી આવતાં બંને યુવકો પોતાની બાઇક છોડીને ભાગી છુટ્યા હતાં. દુષ્કર્મનો ગુનો આચર્યા બાદ ફરાર થયેલો નરેશ વર્ષ ૨૦૧૭માં પોલીસના હાથે પકડાયો હતો. આ બાબતનો કેસ લીમખેડાની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલો અને પુરાવાને માન્ય રાખીને ત્રીજા એડિશનલ સેશન્સ અને સ્પે. પોક્સો જજ એમ.એ મિર્ઝાએ દુષ્કર્મના ગુનામાં તકસીરવાન ઠેરવીને નરેશ મિનામાને ૨૦ વર્ષની સખત કેદની સજા સાથે ૧૦ હજાર રૂપિયાનો દંડ ફાટકારવામાં આવતા કોર્ટ સંકુલમાં સોપો પડી ગયો હતો.

# દાહોદ LCBએ ઘરફોડ ચોરીના ગુનામાં વડવા ગામના સુનિલ જયસીંગ કટારાને ઝડપ્યો

દાહોદ,

જીલ્લામાં બહાર ઘરફોડ ચોરીનો આતંક મચાવનાર વડવા ગામના સુનીલ જવસીંગ કટારા નામાન લબર મુછીયા રીઢા ઘરફોડીયાને જેસાવાડા આશ્રમ રોડ પરથી દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડી જેસાવાડા પોલીસને સુપરત કરી પુછપરછ કરતા મહારાષ્ટ્રના નંદદરબાર, અરવલ્લીના મોડાસા, ભરૂચ તેમજ ગાધીનગરના મળી કુલ ચાર જેટલા ઘરફોડ ચોરીના અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ થયાનું જાણવા મળ્યું છે.

દાહોદ એલસીબી પી.આઈ. કેડી. ડીંડોર, પી.એસ.આઈ. એમ.એલ. ડામોર સહિતની ટીમ જેસાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને વોચમાં નીકળી હતી અને ફરતા ફરતા જેસાવાડા ગામના બજાર બહાર નીકળતા આશ્રમ રોડ પર એક ઈસમ પોલીસની ગાડી જોઈ ભાગવા જતાં પોલીસને તેના પર શંકા જતાં તે ઈસમનો પોલીસે પીછો કરી ઝડપી પાડ્યો હતો અને તેનું નામ ઠામ પુછતા તેને પોતાનું નામ સુનીલભાઈ જવસીંગભાઈ કટારા ઉ.વ.૨૦ રહે વડવા નિશાળ ફળિયા તાલુકા ગરબાડા જણાવ્યું હતું અને ત્યાર બાદ પોલીસે તેની વધુ પુછપરછ કરતા શરૂઆતમાં તો તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો પરંતુ પોલીસ જ્યારે પોતાની ભાષામાં પુછપરછ હાથ ધરતાં જે તેને પોતાના સાગરીતોની સાથે મળી મહારાષ્ટ્રના નંદબાર શહેરમાં વર્ષ ૨૦૨૩માં કરેલ ઘરફોડ ચોરી, અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં વર્ષ ૨૦૨૪ એટલે કે ચાલુ મહિનામાં કરેલ ઘરફોડ ચોરી, ભરૂના અંકલેશ્વરમાં એક સોસાયટીમાં ત્રણેક માસ પહેલા કરેલ ઘરફોડ ચોરી તથા આજથી બે માસ અગાઉ ગાંધીનગરના માણસામાં ગાંધીનગર રોડ પર આવેલ એક સોસાયટીમાં બંધ મકાનનું તાળુ તોડી કરેલ ઘરફોડ ચોરી કુલ ચાર જેટલી ઘરફોડ ચોરીઓની કબુલાત કરતા ચાર જેટલી ઘરફોડ ચોરીના અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ થવા પામ્યા હતા. દાહોદ એલસીબી પોલીસે પકડાયેલા રીઢા ઘરફોડીયા વડવા ગામના ૨૦ વર્ષીય સુનીલ જવસીંગ કટારાને જેસાવાડા પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

# બિલવાણી ગામે એકાદશ કુંડીય સહસ્ત્રચંડી મહાયજ્ઞનો પ્રારંભ

ઝાલોદ,

ઝાલોદ તાલુકા ના લીમડી નજીક બિલવાણી ગામે પ્રવર્તમાન સંજોગો અને ખાસ કરીને ભારત વર્ષમા સુખ શાંતી સમરૂદ્ધી સાથે લોક કલ્યાણ તેમજ શ્રી રામ મંદિર નિર્માણ હેતુ એકાદશ કુંડીય મહાયજ્ઞનો પ્રારંભ કરવામા આવ્યો હતો. સવારે ૧૦ કલાક થી પુજાનો પ્રારંભ કરવામા આવ્યો હતો. મધ્યપ્રદેશ અને બનારસના વિદ્વાન પંડીતો દ્વારા એકાદશ કુંડીય મહાયજ્ઞનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. જેમા પ્રથમ પ્રાયશ્ચીત કર્મ વિધી કરવામા આવી હતી. આ વિધીમાં મનુષ્ય મિત્ર થી જાણયે અજાણયે કોઈ પણ પાપ થયા હોય, તેમજ માનસિક તેમજ શારીરિક તેમજ



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

પુજામા બેસવા માટે યોગ્ય બનવા માટે તેમજ તમામ પાપો માથી મુકતિ મળે તે હેતુ પ્રાયશ્ચીત કર્મની વિધી કરવામા આવી હતી. ત્યારબાદ અલગ અલગ દ્રવ્ય જેમ કે ગૌમુત્ર, માટી, સુવર્ણ, સોપારી, ચંદન, સોપારી, ભસ્મ સહીત ના દસ દ્રવ્યો થી શરીરીના બહાર ના શુદ્ધિકરણ માટે દસવિધ સ્નાન કરાવવામાં આવ્યું હતું. તેમજ ભગવાન શ્રી વિષ્ણુનું શાલીગ્રામ સહીત પુજન કરવામા આવ્યુ હતું. તેમજ યજ્ઞમાં બેસનાર તમામ યજમાનને યજ્ઞોપવીત (જનોઈ) ધારણ કરાવવામા આવી હતી. તેમજ ત્યારબાદ પ્રાયશ્ચીત હવન કરાવવામાં આવ્યું હતું.આ એકાદશ કુંડીય સહસ્ત્ર ચંડી મહાયજ્ઞ કરવા માટે લાયક બની શકે.તદઉપરાંત કાર્યક્રમ મા શોભાયાત્રા નિકાળવામા આવી હતી. ત્યારબાદ મંડપ પ્રવેશ કરવામા આવ્યો. પંચાગ કર્મ, મંડળ સ્થાપના જેવા અનેક કારણ યોજાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં જીલ્લાભર માંથી યજમાનો સહીત દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કીશોરી, આચાર્ય નલીનભાઈ ભટ્ટ હાજર રહ્યા હતા.

### દાહોદ જીલ્લામાં વાહન ચાલકોની ગફલતને કારણે જુદી જુદી જગ્યાએ બનેલ

# હીટ એન્ડ રનની ઘટનાઓમાં બે યુવાનોના સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવે તે પહેલાં જ સ્થળ પર મોત નિપજ્યા

દાહોદ,

દાહોદ જીલ્લામાં બનેલ હીટ એન્ડ રનની બે ઘટનાઓ પૈકીની એક ઘટના લીમડી–ઝાલોદ બાયપાસ રોડ પર સતી તોરલ હોટલ પાસે મોડી સાંજના પોણા સાત વાગ્યાના સુમારે બનવા પામી હતી. જેમાં ફતેપુરાના મોટી રેલ પૂર્વ ગામના તીખી ફળિયામાં રહેતા અનીલભાઈ દલજીભાઈ મહીડા પોતાની તદ્દન નવી ટીવીએસ મોટર સાયકલ લઈ દાહોદથી પરત ઘરે જઈ રહ્યા હતા તે દરમ્યાન સતી તોરલ હોટલ પાસે પુરપાટ દોડી આવતું અજાણ્યું વાહન અનીલભાઈ મહિડાની નવી મોટર સાયકલને જોશભેર ટક્કર મારી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ પરથી ફંગોળાઈને રોડ પર પટકાયેલા અનીલભાઈને કપાળના ભાગે તથા માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવે તે પહેલા જ તેને સ્થળ પર દમ તોડી દીધો હતો. આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે જીલ્લામાં હીટ એન્ડ રનની બીજી ઘટના ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામે બોરસદ ફળિયામાં રોડ પર રાત્રીના સાડા આઠ વાગ્યાના સુમારે બનવા પામી હતી જેમાં પુરપાટ દોડી આવતા અજાણ્યા વાહન ચાલકે તેના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી ચાકલીયા નાની મહુડી ફળિયામાં રહેતા ક્રિશ્નારાજુ રસુભાઈ ડામોરની યામાહા કંપનીની મોટર સાયકલ સાથે સામેથી ધડાકાભેર અથડાવી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલક ક્રિશ્નરાજ રસુભાઈ ડામોરને મોઢા ઉપર કપાળમાં છાતીના ભાગે, નાક ઉપર તેમજ જમણા પગે ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવે તે પહેલાં જ તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ સંબંધે ચાકલીયા નાની મહુડી ફળિયાના મરણ જનાર ક્રશ્નારાજ રસુભાઈ ડામોરની વિધવા માતા ચંદનબેન રસુભાઈ ઝીથરાભાઈ ડામોરે નોંધાવેલી ફરિયાદને આધારે ચાકલીયા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં વાતાવરણ બદલાતા ગત રાત્રીના સમયે ઠંડીએ જોર પકડતા લોકો તાપણાં કરતા જોવા મળ્યા

દાહોદ,

દાહોદ જીલ્લામાં બદલાતા વાતાવરણને કારણે શિયાળામાં માવઠું થયું છતાં શિયાળાની જોઈએ તેવી ઠંડી હજી સુધી પડી નથી અને ગઈકાલથી ઠંડીની શરૂઆત લાગી રહી છે. પરંતુ બપોરના તો સુર્ય નારાયણના આકરા રૂપને કારણે દિવસ દરમ્યાન જોઈએ તેવી ઠંડી લાગતી નથી, પરંતુ રાતના સમયે ઠંડીનો જોર લાગતા દાહોદમાં ઠેરઠેર તાપણા જોવા મળી રહ્યા છે.

આમ તો દાહોદ જીલ્લામાં ડીસેમ્બરના છેલ્લા સપ્તાહમાં હાડ થીજાવતી ઠંડીનો આરંભ થઈ જતો હોય છે પરંતુ સતત બદલાતા વાતાવરણ અને માવઠા બાદ ઉત્તરાયણ પર્વ બાદ જાણે શિયાળાનો આરંભ થયો હોય તેમ લાગી રહ્યું છે. ગઈકાલથી દાહોદમાં ઠંડીનો પારો ગગડતાં ગુગલના જણાવ્યા મુજબ તાપમાનનો પારો ૧૧ ડીગ્રી થઈ જતાં સવારમાં દાહોદવાસીઓ હાડ થીજાવતી ઠંડીમાં ઠુંઠવાયા હતા અને સાંજ પડતાં જ ઠંડીએ પોતાનું આક્રમક રૂમ દેખાવડા શહેરમાં ઠેર ઠેર તાપણા કરી ટાઢ ઉડાડતા લોકો જોવા મળ્યા હતા. આજે સવારે પણ તાપમાનનો પારો ૧૨ જેટલો રહેવા પામ્યો હતો અને જેમજેમ દિવસ ચડયો ગોય તેમ તાપમાનનો પારો ઉચો જતાં દિવસ દરમ્યાન ઠંડીનું પ્રમાણ ઘટતું જોવા મળી રહ્યું છે. આ શિયાળામાં દિવસ દરમ્યાન દાહોદવાસીઓએ હજી હાડ થીવાવતી ઠંડીનો અનુભવ કર્યો નથી. આ વખતે ઠંડીનો આરંભ મોડો થતાં તેની વિદાય પણ મોડી થશે તેવા અંદાજ મંડાઈ રહ્યો છે. ચાલુ માસના આરંભમાં જ પડેલા માવઠા બાદ જોઈએ તેવી ઠંડી ન પડતાં ઘઉ ચણાના પાક પર તેની સીધી અસર થવાની ભીતીથી ધરતી પુત્રો પણ ચિંતીત છે. આ વખતે વરસાદ તો સારો થયો જેથી ઠંડી પણ એટલી પડશે. તેવી માન્યત આ વખતે અત્યાર સુધી તો ખોટી પડતી જોવા મળી રહ્યા છે.

# અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા અન્વયે મારૂં ઝાલોદ નગર અયોધ્યા ધામ અંતર્ગત વિવિધ ધાર્મિક પ્રોગ્રામનું આયોજન

ઝાલોદ,

ઝાલોદ નગર આઝાદીના આંદોલન હોય કે નવનિર્માણ આંદોલન હોય કે રામ જન્મભૂમીના આંદોલનમાં સદા અગ્રેસર જ રહ્યું છે. હાલ સર્વત્ર અયોધ્યા રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાને લઈને દેશ અને દુનિયામાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે સને ૧૯૯૨માં અયોધ્યાની કારસેવામાં પણ ઝાલોદનો નવલોહીયો યુવાન રાજેશ રમણલાલ સોની કારસેવા દરમ્યાન વીરગતિ પામ્યો હતો.



ઝાલોદના લુહારવાડામાં રહેતા અને સરકારના જમીન સંરક્ષણ ખાતામાં નોકરી કરતા સામાન્ય પરિવાર રમણલાલ જાદવલાલ સોનીના કુલ બે દીકરી અને ત્રણ દીકરા પૈકી ત્રીજા નંબરે માતા સરોજબેન સોનીની કુખે ૨૫મી ડિસેમ્બર ૧૯૭૪ના રોજ જન્મેલ રાજેશ વિદ્યાર્થીકાળથી જ રા.સ્વ.સંઘની શાખાનો સ્વયં સેવક હતો.

સરળ સ્વાભાવ અને સૌને સહાયરૂપ બનવાના સ્વાભાવને કારણે રાજેશ ગામમાં ''ભોંજી 'ના હુલામણા નામ થી સૌને પ્રિય હતો. ધોરણ–૧૦ની પરીક્ષા આપ્યા પછી રાજેશ સ્થાનિક પ્રેસમાં છૂટક કામ કરતો હતો. સને ૧૯૯૨માં અયોધ્યા ખાતે કારસેવાનું આંદોલનમાં ઝાલોદ થી સ્થાનિક અગ્રણીઓ હર્ષદભાઈ મહેતા, જીતેન્દ્રભાઈ દરજી, અને ગજેન્દ્રભાઈ પંચાલની ટીમ તારીખ ૧ ડિસેમ્બરની સાંજે અયોધ્યા ખાતે જવાના હોઈ તેમની વિદાય માટે દાહોદ રેલવે સ્ટેશન પર સ્થાનિક કાર્યકર્તા ઓની ટીમ ગઈ હતી. આજ ટીમની સાથે રાજેશ પણ દાહોદ ગયો હતો અને દાહોદ રેલવે સ્ટેશનનો રામમય માહોલ જોઈને રાજેશે અયોધ્યા ખાતે જવાની ઈચ્છા વ્યક્ત કરતા સ્થાનિક કાર્યકરો દ્વારા પરિવારની સહમતી લઈને જરૂરી કાર્યવાહી કરીને મિત્રોના આર્થિક સહયોગ થકી રાજેશ પણ ઝાલોદ નગરની કારસેવકની ટીમમાં ચોથા કારસેવક અયોધ્યા જવા રવાના થયો હતો.

બાદમાં ૬ઠી ડિસેમ્બરના રોજ સાંજના સમયે સ્થાનિક કાર્યકરોને રાજેશ સોનીએ કારસેવા દરમ્યાન દીવાલ ધસી પડતા પ્રાણ ગુમાવ્યાના સમાચાર મળ્યા હતા. તે સમયે દુરસંચારની વ્યવસ્થાઓ આજના જેટલી ઝડપી ન હોવાથી મળેલ સમાચારની ખાત્રી કરવામાં આખા દિવસનો સમય પસાર થઈ ગયો હતો અને મોડી રાત્રીના ખાત્રી થતાની સાથે સ્થાનિક કાર્યકરોએ વી.હી.પના રાજ્યના અને કેન્દ્રના નેતૃત્વ પાસે રાજેશના પાર્થિવ શરીરને ઝાલોદ લાવીને વતનમાં જ અંતિમ સંસ્કાર કરવાની માંગણી મૂકી હતી. અનેક મથામણ બાદ રોડ માર્ગે એમ્બ્યુલન્સ દ્વારા રાજેસના પાર્થિવ શરીરને ઝાલોદ લાવવાનું નક્કી થયું. અયોધ્યા થી ઝાલોદ આવવામાં લગભગ બે દિવસ થવાના હોઈ રાજેસના પાર્થિવ દેહને ઝાલોદ અંતિમ સંસ્કાર માટે લાવવાના સમાચાર સમગ્ર રાજ્યમાં પ્રસરી જતા જ્યારે રાજેસનું પાર્થિવ શરીરને લઈને કાફલો ઝાલોદમાં આવ્યો ત્યારે તો રાજેસના અંતિમ દર્શન માટે લોકસાગર ઝાલોદમાં ઉમટી પડ્યો અને કીડીયારની જેમ માનવ મહેરામણ ઉભરાયું જે ઘટના ઝાલોદના ઈતિહાસમાં રાજેસની અંતિમયાત્રાનો દિવસ સોનેરી અક્ષરે અંકિત થઈ ગયો અને રાજેશ સોનીનું નામ શ્રીરામ જન્મભૂમી આંદોલનમાં હુતાત્મા તરીકે સોનેરી અક્ષરે અંકિત થઈ ગયું .રાજેશ સોનીના સાથી કાર્યકરો અને મિત્રો કે જેઓ નગરમાં રા.સ્વ.સંઘ કામગીરી અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો કરતા જ હતા એ સૌ સાથે મળીને ઝાલોદ નગરમાં વીર બલિદાની રાજેશ સોનીની યાદમાં નગરનું પ્રાચીન મુખ્યવડ બજારના નામે ઓળખાતા ચોકને ''શહીદ રાજેશ ચોક''નું નામ આપીને રાજેસના બલિદાનને ઝાલોદની કાયમી સંભારણું બનાવી દીધું, જે આજે પણ રાજેસની યાદો તાજી કરાવે છે. હાલમાં ૨૨ મી જાન્યુઆરીએ સમગ્ર વિશ્વમાં શ્રી રામ લલ્લાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ઝાલોદ નગરમાં વિવિધ કાર્યક્રમોની સાથે વીર બલિદાની રાજેશ સોની મિત્ર મંડળ દ્વારા ૨૦ મી જાન્યુઆરીની રાત્રીએ ટેલેન્ટ ઓફ ઝાલોદનો પ્રોગ્રામ તેમજ ૨૧ તારીખે રાજેશ ચોકમાં ''શ્રી રામ જાગરણ''નો ભવ્ય કાર્યક્રમનું આયોજન, ૨૨ તારીખે પ્રભાત ફેરી, મંદિરોમાં નક્કી કરેલ દરેક ધાર્મિક આયોજન તેમજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થતાં નગરમાં રામ યાત્રા અને રામ ભંડારનું વિશેષ આયોજન કરીને વીર બલિદાની રાજેશ સોનીનું બલિદાન સાર્થક થઈ રહ્યું છે ત્યારે વીર રાજેશ સોની કે જે આજના યુવાનો માટે કાયમી પ્રેરણાસ્તોત્ર બની રહે તે માટે રાજેસના નામની સાથે કાયમી સંભારણું બની રહે,તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

હાલ દરેક લોકોની વ્યવસ્થા અયોધ્યા ખાતે સંભવ ન હોઈ મારૂ ગામ અયોધ્યા ધામના સંકલ્પ સાથે સનાતન હિન્દુ ધર્મ સમિતિ દરેક ધાર્મિક કાર્યો સુંદર અને યાદગાર બનાવવા અથાગ પરિશ્રમ કરી રહેલ છે.

# ઝાલોદ નગરની ૧૦૮ની ટીમ દ્વારા સગર્ભા મહિલાની ઈમર્જન્સીમાં સફળતા પૂર્વક પ્રસૂતિ કરાવવામાં આવી

ઝાલોદ,

તા.૧૫/૦૧/૨૦૨૪

ઝાલોદ તાલુકાના ઝાલોદ મુવાડા ગામના સ્થાનિક સગર્ભા મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા ૧૦૮ ની મદદ લેવામાં આવી હતી. ત્યારે ઝાલોદ ૧૦૮ની ટીમને રાત્રીના ૦૧:૫૬ ને કેસ મળતાની સાથેજ તાત્કાલિક ઝાલોદ મુવાડા ગામે પહોંચી સગર્ભા મહિલાને તપાસતા પ્રસૂતિનો દુખાવો થતો હતો અને ૧૦૮ના Emergency medical Technician આશિષ કે ડામોર અને pilot અર્જુન



કટારા તેમજ રસ્તો ખરાબ હોવાના કરારણથી સગર્ભા બેનના ઘરે એમ્બ્યુલન્સ જય શકે તેમ નોતી સ્પાઈન બોડ લઈને ઘરે પહોંચ્યા અને ડિલિવરી કરાવવાની ફરજ પડતા બેનને ઘરેજ પ્રસૂતિ કરાવવી પડીતા પ્રસૂતિ કરાવતા બાળકના ગળામાં (બે) ગર્ભ નાળ વીંટળાયેલ હતી અને ERCP ફિજીસિયન ડોક્ટર કૃષ્ણાના માર્ગદર્શન થી બેનના ઘરેજ બહુ કાળજી પૂર્વક નોર્મલ પ્રસૂતિ કરાવેલ છે અને સારવાર આપતા આપતા સરકારી દવાખાના ઝાલોદના ડોક્ટર જયરાજ દેવધાને બધી તકલીફ જણાવી અને માતા અને બાળકને દાખલ કરીને ત્યાંથી રવાના થયા આ રીતે ૧૦૮ ની ટિમ દ્વારા એક માનવતાનું ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

# દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનોમાં તુવેરદાળમાં ખરેખર ૫૦ ટકાનો ઉપરથી કાપ છે ???

દે.બારીયા,

દે.બારીયા તાલુકામાં સસ્તા અનાજ ૮૪ જેટલી દુકાનોમાં તુવેરદાળ ૫૦ ટકા જથ્થાનો કાપ કરીને આપે છે તો વહેલા તે પહેલાનો હાલ થયો છે. બીજો ૫૦ ટકા તુવેરદાળનો જથ્થો કયાં જાય છે. તે મોટો પ્રશ્નાર્થ છે ?

પ્રાપ્ત માહિતી અનુસાર રાજયના ૭૧ લાખથી વધુ એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધારકોની ૩.૪૬ કરોડ જેટલી જનસંખ્યાને દર મહિનામાં રાહત દરના ભાવે નિયમિત તમામ જથ્થો જેમાં ઘઉં, ચોખા, તુવેરદાળ, ચણા, ખાંડ વિતરણ કરવામાં આવશે. જેમાં ચણા કાર્ડ દીઠ ૧ કિલો રૂા.૩૦/–ના ભાવે તેમજ તુવેરદાળ કાર્ડ દીઠ ૧ કિલો ૫૦/–રૂપીયાના ભાવે તમામ લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થાની વિગતવાર માહિતી દર માસની પહેલીએ દરેક સમાચારપત્રોમાં પ્રકાશીતની જાહેરાતોમાં આપવામાં આવતી હતી. તે જાહેરાતોનું શું ? તુવેરદાળ બજારમાં ૧૫૦/–ના ભાવે મળે છે. તો ૧૦૦ ટકાનો વધારો કયા સગેવગે કરીને જરૂરીયાતમંદો ગરીબોનો કોળીયો કોણ ખાય જાય છે. તેની સ્ટેટ વીજીલન્સ વિભાગના અધિકારીઓ કરશે ખરાં ? તેવું ગરીબ લાભાર્થીઓને આશા છે. ત્રણ માસથી વધારે ઉપરથી તુવેરદાળનો કાપ આવે છે કે, પછી કૃત્રિમ કાપના બહાના બનાવાય રહ્યા છે. તેવું લાભાર્થીઓમાં ગણગણાટ થઈ રહ્યો છે.

આ બાબતે અમારા પંચમહાલ સમાચારપંના દે.બારીયા તાલુકાના પ્રતિનિધીએ તાલુકા પુરવઠા, નાયબ મામલતદાર ઓડના પાસે માહિતી મેળવાની કોશીષ કરતાં તેમણે જણાવ્યું હતું કે, ઉપરથી તુવેર દાળનો જથ્થો ૫૦ ટકા કાપ કરી ઈશ્યુ થાય છે શું ? ૫૦ ટકા તુવેરદાળ રાજ્યના લેવલે થી કાપ મુકવામાં આવ્યા છે. તે અંગેની તટસ્થ તપાસ કોણ કરશે ? વચ્ચે અડધી રાહત દરની તુવેરદાળ કોણ ખાય જાય છે ? તે યક્ષ પ્રશ્ન છે.

# ગરબાડામાં લોકસભા ચુંટણી પહેલા EVM નિર્દેશન કાર્યક્રમ યોજાયો

ગરબાડા,

આવનારા થોડા મહિનાઓ બાદ લોકસભા–૨૦૨૪ ચુંટણી યોજાનાર છે. ત્યારે ચુંટણી વિભાગ દ્વારા દરેક બુથ સુધી વ્યવસ્થિત માહિતી પહોંચે તે માટે ઈવીએમ નિદર્શન કાર્યક્રમ શરૂ કરાયો છે. જેમાં એક વાહનમાં ઈવીએમ, વીવીપેટ સાથે ઝોનલ અધિકારી, માસ્ટર ટ્રેનર અને પોલીસ સ્ટાફ સાથે દરેક ગામના બુથ પર જઈને મતદાર યાદી સાથે ત્યાં રહેતા લોકોને માહિતી આપવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગરબાડા તાલુકામાં ગરબાડા નગરના તમામ વિસ્તારોમાં નિદર્શનવાન દ્વારા ગ્રામજનોને ચુંટણીલક્ષી માહિતી આપવામાં આવી હતી. ઈવીએમ નિદર્શન કાર્યક્રમ ગરબાડા તાલુકાના ગામોમાં યોજાશે.

# સ્મશાનગૃહ આસપાસ સફાઈની માંગ : ઝાલોદ સ્મશાન ગૃહની આસપાસ ઝાડી ઝાખરા ઉગી નીકળ્યા, લોકોને પડતી હાલાકી દૂર કરવાની માંગ



ઝાલોદ,

ઝાલોદ હિન્દુ સ્મશાને અડીને ઝાડી ઝાખરા ઉગી નિકળતા મચ્છરો નો ઉપદ્રવ વધી ગયો છે, સ્મશાનની આસપાસ મોટા પ્રમાણમા ગંદકી જોવા મળી રહી છે. સ્મશાનને અડીને આવેલી નદીની આસપાસ કોઈ પણ પ્રકારની સાફસફાઈ કરવામા આવતી નથી. મોટા પ્રમાણમા ઘાસનો ઉગી નિકળ્યુ છે, આ બાબતે નગરપાલિકા તંત્રને અનેકવાર મૌખિક અને લેખિત રજૂઆત કરવામા આવી છે. પરંતુ આજ દિન સુધી કોઈ જ સફાઈ કરવામાં આવી નથી. સ્મશાનમાં પોતાના સ્વજનોની અંતિમ વિધી કરવા આવતા લોકોને ગંદકીના કારણે મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે. ઝાડી ઝાખરા અને ગંદકીના કારણે અવાર નવાર ઝેરી જનાવર નિકળતા હોવાના કારણે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. અંતિમ વિધી બાદ લોકો સ્નાન કરવા માટે નદીમા જતી વખતે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, પંરતુ છેલ્લા ઘણા લાંબા સમયથી સ્મશાનની આસપાસ યોગ્ય રીતે સાફસફાઈ કરવામા નહિ આવતા લોકોને હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. સ્મશાનની આસપાસ મોટા પ્રમાણમા ઝાડી ઝાખરા અને ઘાસ સહિત ગંદકીની સાફ સફાઈ કરવાની લોકો માંગ કરી રહ્યા છે. ત્યારે ઝાલોદ નગર પાલીકા તંત્ર વહેલી તકે સાફસફાઈ કરે તે જરૂરી બન્યુ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.123

## ચાલુ ટ્રેન માંથી સાળો-બનેવી નીચે પડયા

# સુરત જતા બનેવીનો મોબાઈલ હાથ માંથી છટકતા તેને બચાવવા નીચે પડ્યો : બનેવીનું મોત જોઈ નીચે કુદેલો સાળો ઈજાગ્રસ્ત



ગોધરા,

ગોધરા શહેર નજીક ઝાંસીથી મુંબઈ જઈ રહેલી ઝાંસી એક્સપ્રેસ ટ્રેનમાં સુરત જઈ રહેલા ઝાંસીના બે યુવકો પૈકી દરવાજા પાસે બેસી મોબાઈલ ચલાવી રહેલો યુવક અચાનક ટ્રેનમાંથી પડી જતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. અન્ય યુવકને જાણ થતાં તે પણ ચાલુ ટ્રેને કુદી પડ્યો હતો, જેને ઈજાઓ પહોંચી છે. બંને યુવકો સાળો-બનેવી હતા. તેઓ સુરતમાં દોરાની ફેક્ટરીમાં કામ કરતા હતા અને ઝાંસીથી સુરત જઈ રહ્યા હતા. સમગ્ર ઘટનાને પગલે રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. હાલ તો પોલીસે લાશને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી છે.ઝાંસી જીલ્લામાં આવેલા સૈયર ગામે રહેતા બે યુવાનો ગઈકાલે પોતાના વતનમાંથી ઝાંસી એક્સપ્રેસમાં ટ્રેન મારફતે ઝાંસીથી સુરત સાડી બનાવવાના દોરાની કામગીરી માટે નીકળ્યા હતા. ત્યારે જનરલ કોચમાં દરવાજા આગળ બેઠેલા યુવાનનો મોબાઈલ ફોન ગોધરા શહેરના જાફરાબાદ ફાટકની પાસે પડી જતા તે યુવાન પોતાનો મોબાઈલ ફોન બચાવવા માટે ટ્રેનમાંથી નીચે પડ્યો હતો. જ્યારે તેની સાથે મુસાફરી કરી રહેલા અન્ય એક યુવાન પણ તેના બનેવીને બચાવવા માટે ટ્રેનમાંથી નીચે પડ્યો હતો. જેમાં બનેવીને ટ્રેનના વ્હીલ શરીર ઉપર ફરી વળતાં ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત થયું હતું. જ્યારે સાળાને સામાન્ય ઈજાઓ પહોંચી હતી

આ બનાવ સંદર્ભમાં ઝાંસીથી સુરત ખાતે સાડી બનાવવાના દોરાની કામગીરી માટે ઈન્દ્રેશ યાદવ અને વિકાસ યાદવ પોતાના વતનથી સુરત જઈ રહ્યા હતા. ત્યારે ગોધરાના જાફરાબાદ ફાટક પાસે જનરલ કોચમાં દરવાજા પાસે મુસાફરી કરી રહેલા ઈન્દ્રેશ યાદવનો મોબાઈલ ફોન ટ્રેનના નીચે પડી જતા પોતાનો મોબાઈલ ફોન બચાવવા માટે તે પણ નીચે પડ્યો હતો. જેથી પોતાના બનેવીને બચાવવા માટે સાળો વિકાસ યાદવ પણ ચાલુ ટ્રેનમાંથી નીચે પડ્યો હતો. આ ઘટનામાં બનેવી ઈન્દ્રેશ યાદવ ટ્રેનની નીચે આવી જતા બે ટુકડા થયા હતા અને ઘટના સ્થળ ઉપર મોત થયું હતું. જ્યારે સાળા વિકાસ યાદવને પગમાં સામાન્ય ઈજાઓ પહોંચી હતી. બનાવને લઈને ગોધરા રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસ ઘટના સ્થળ ઉપર દોડી આવી અને લાશનો કબજો મેળવીને પીએમ અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવી હતી.

સમગ્ર બનાવને લઈ પોલીસ ઈન્સ્પેક્ટર જે.વી.વ્યાસે જણાવ્યું હતું કે, ઝાંસીથી સુરત ખાતે જનરલ કોચમાં દરવાજા આગળ મુસાફરી કરી રહેલા બે યુવાનોમાંથી એક યુવકનો મોબાઈલ ટ્રેનમાંથી નીચે પડી જતા તે પોતાનો ફોન બચાવવા માટે નીચે પડ્યો હતો અને લગભગ ૨૦૦ મીટર સુધી ઘસડાતા ઘસડાતા ગયો હતો. જ્યારે પોતાના બનેવીને બચાવવા માટે સાળો પણ ટ્રેનમાંથી છલાંગ લગાવી હતી. જેને પગલે ઈન્દ્રેશ યાદવનું ટ્રેનમાં આવી જતા મોત થયું હતું. જ્યારે વિકાસ યાદવને પગમાં સામાન્ય ઈજાઓ થઈ હતી. હાલ પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરીને લાશને પીએમ અર્થે મોકલેલ છે.

## શહેરાના ચાંદલગઢ ખોડીયાર મંદિર ખાતે ધારાસભ્ય અને વરૂ પરિવાર દ્વારા ત્રી દિવસીય ૫૧ કુંડી શતચંડી મહાયાગ આયોજન કરાયું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના ચાંદણગઢ ખોડીયાર માતાજીના મંદિરના પટાંગણમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ તથા સમસ્ત વરૂ પરીવાર દ્વારા ત્રી દિવસીય ૫૧ કુંડી શતચંડી મહાયાગ અને મહાયાગનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૭ મી જાન્યુઆરીથી ૧૯ની જાન્યુઆરી દરમિયાન યજ્ઞશાળામાં ૫૧ જેટલા જોડા બ્રહ્મણોના વેદિક મંત્રોચ્ચાર સાથે મહાપૂજા કરવામાં આવનાર છે. આ ધાર્મિક કાર્યક્રમમાં ભરવાડ સમાજના ધર્મગુરૂ સહિત સંતો, મહંતો સહિત હજારોની સંખ્યામાં માઈ ભક્તો ઉપસ્થિત રહેશે.

શહેરાના ચાંદણગઢ ખોડીયાર માતાજીના મંદિરના પટાંગણમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ તથા સમસ્ત વરૂ પરીવાર દ્વારા ત્રી દિવસીય ૫૧ કુંડી શતચંડી મહાયાગ અને મહાયાગનું આયોજન કરવામાં આવ્યું છે. પાછલા દસ દિવસ ઉપરાંત થી ચાંદણગઢ ધામ ખાતે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી હતી. ઋષિમુનિઓ વખત જે રીતે યજ્ઞશાળા બનાવવામાં આવતી હતી. એવી જ યજ્ઞશાળા અહીં બનાવવામાં આવવા સાથે યજ્ઞશાળામાં વાસ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિશાળ જગ્યામાં ત્રિ દિવસીય આ શતચંડી મહાયાગનો ૧૭ મી જાન્યુઆરીએ યજ્ઞનો પ્રારંભ થશે અને ૧૯ જાન્યુઆરી શુક્રવારના રોજ પૂર્ણાહુતિ થનાર છે. આ યજ્ઞમાં ૫૧ જેટલા જોડા દિવસ દરમિયાન માતાજીની પૂજા કરનાર હોવા સાથે દિલીપભાઈ પંડ્યા સહિતના ૧૩૧ જેટલા બ્રહ્મણો ત્રણ દિવસ મહાપુજા કરાવનાર છે. આ ધાર્મિક કાર્યક્રમમાં ભરવાડ સમાજના ધર્મગુરૂ ઘનશ્યામપુરી બાપુ તેમજ મહંત મછારામ મહારાજ અને સંતો, મહંતો સહિત ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના પરીવારજનો તેમજ સગા સંબંધીઓ અને રાજ્યભર માંથી મોટી સંખ્યામાં માઈ ભક્તો અહીં ઉપસ્થિત રહેનાર છે. ખોડીયાર માતાજીના મંદિર ખાતે આ થનાર ધાર્મિક કાર્યક્રમનું સુંદર આયોજન ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા કરવામાં આવનાર હોવા સાથે ત્રણ દિવસ અહીં ભકિતમય માહોલ જોવા મળનાર છે. આ યજ્ઞમાં ઉપસ્થિત રહેનાર બ્રાહ્મણ દિલીપભાઈ પંડ્યા એ જણાવ્યું હતુ કે આ યજ્ઞની અંદર ૫૧કુંડ બનાવવામાં આવેલા છે અને ૫૧ યજમાનો દ્વારા દિવસ દરમિયાન સુંદર માતાજીની મહાપૂજા અનેક પ્રકારના ભવ્ય કાર્યક્રમ અહીંયા કરવામાં આવશે આ યજ્ઞ દ્વારા સૃષ્ટિનો અને જીવ માત્રનો કલ્યાણ થાય તે હેતુ થી આ યજ્ઞનો સંપૂર્ણ આયોજન કરવામાં આવેલ છે.

## કાલોલના બોરૂ મુવાડી દરગાહ નર્મદા કેનાલ પાસે અલ્ટીકા કાર ચાલક મહિલાને ટક્કર મારતા મોત




કાલોલ,

કાલોલ તાલુકાના બોરૂ મુવાડી ગામે દરગાહ નર્મદા કેનાલ રોડ ઉપર થી બાઈક ઉપર ફરિયાદી છે. તેમના પત્ની પસાર થતા હોય અને બાઈક દરગાહ નર્મદા કેનાલ પાસે રોડ સાઈડે કે ઉભી રાખી તેમના પત્ની રોડ ક્રોસ કરી કેનાલમાં પાણી પીવા જતાં હતા. ત્યારે અલ્ટીકા કાર ચાલક ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવતા કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી. વિસ્તૃત વિગતો મુજબ કાલોલ તાલુકાના બોરૂ મુવાડી દરગાહ નર્મદા કેનાલ રોડ ઉપરથી સુરેશભાઈ રાયસીંગભાઈ પટેલ (રહે. ખાંડીયા, તા.શહેરા) પોતાની બાઈક નં.જીજે. ૧૭.સીએમ. ૪૦૫૮ લઈજતા હતા અને બોરૂ મુવાડી દરગાહ નર્મદા કેનાલ પાસે બાઈક ઉભું રાખી તેમના પત્ની રોડ ક્રોસ કરી કેનાલમાં પાણી પીવા જતા હતા. ત્યારે અલ્ટીકા કાર નં.જીજે.૩૪.એચ.૮૩૧૩ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી સુરેશભાઈ પટેલની પત્નીને ટક્કર મારતાં માથાના ભાગે તેમજ મોઢા ઉપર ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવતા આ બાબતે કાલોલ પોલીસ મથકે કાર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા મોદીની વાડીની મહિલાને ૯ લાખના ચેક રીર્ટન કેસમાં બે વર્ષની સજા ફટકારતી કોર્ટ

ગોધરા,

ગોધરા ઉત્સવ બંગલો ખાતે રહેતા ફરિયાદીએ મોદીની વાડીમાં રહેતી મહિલા એ ૯,૦૦,૦૦૦/-લાખ રૂપીયા ધંધા અર્થે લીધા હતા. તેની ઉઘરાણી કરતાં ૯ લાખના ચેક લખી આપેલ હતા. ચેક કિલયરીંગમાં મોકલતા ચેક રીર્ટન થયો હતો. ગોધરા કોર્ટમાં ચેક રીર્ટનની ફરિયાદ કરી હતી. આ કેસ ચોથા એડીશીનલ જજની કોર્ટમાં ચાલી જતાં આરોપીને બે વર્ષની જેલની સજા અને ૯ લાખ રૂપીયા વ્યાજ સહિત ચુકવવાનો હુકમ કરાયો.

ગોધરા ઉત્સવ બંગલોમાં રહેતા પરાગભાઈ ગોવિંદલાલ શાહએ જયોતિબેન પ્રવિણચંદ્ર શાહએ ધંધા અર્થે ૯,૦૦,૦૦૦/-રૂપીયા લીધેલ હતા. આ રૂપીયાની માંગણી કરતાં ૯ લાખ રૂપીયાના ચેક લખી આપેલ હતા. આ ચેક કલીયરીંગમાં મોકલતા બેંક માંથી પરત ફર્યા હતા. ચેક પરત ફરતા ફરિયાદીએ નોટીસ આપવા છતાં રૂપીયા નહિ ચુકવતા ગોધરા કોર્ટમાં ચેક રીર્ટનનો કેસ દાખલ કર્યો હતો. આ કેસ ગોધરા ચોથા એડીશીનલ એકજયુ મેજીસ્ટ્રેટ જજ પી.એલ.દાસની કોર્ટમાં ચાલી જતાં ચેક રીર્ટન થવાના ગુનામાં જયોતિબેન પ્રવિણચંદ્ર શાહને બે વર્ષથી જેલની સજા અને ચેક રીર્ટનના ૯,૦૦,૦૦૦/-રૂપીયા વાર્ષિક ૯ ટકાના વ્યાજ સહિત ચુકવી આપવા અને વળતરની રકમ ન ચુકવતા વધુ ૩ મહિનાની સજાનો હુકમ કરવામાં આવ્યો.

## શહેરા વાઘજીપુર ચોકડી પાસે બાઈક ડીવાઈડર સાથે અથડાતા ચાલકનું મોત

શહેરા,

શહેરા વાઘજીપુર ચોકડી પાસેથી પસાર થતા બાઈક ચાલક પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક ડીવાઈડર સાથે અથડાવી અકસ્માત સર્જી પોતાના માથાના ભાગે ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે શહેરા પોલીસ મથકે ગુનો નોંધાવા પામ્યો. વિસ્તૃત વિગતો મુજબ શહેરા વાઘજીપુર ચોકડી પાસે હાઈવે રોડ ઉપરથી બાઈક નં.જીજે.૧૭.સીએચ.૨૨૭૫ના ચાલક મુકેશભાઈ વિનોદભાઈ ડાભી ઉ.વ.૨૪ (રહે. બેટીયા,તા.ગોધરા) પસાર થઈ રહ્યા હતા અને પોતાનું બાઈક પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી રોડ વચ્ચેના ડીવાઈડર સાથે એક્સીડન્ટ કરી પોતાને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડીને મરણ ગયેલ હોય આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાની મહિલા પાસેથી મોરબીના વેપારીએ નાણાં લીધા બાદ ટાઈલ્સ નહિ મોકલી છેતરપિંડી કરી

ગોધરા,

ગોધરા શહેરના વ્હોરવાડ વિસ્તારમાં રહેતી મહિલા સાથે મોરબીના ઈસમ દ્વારા ટ્રાન્સપોર્ટમાં ટાઈલ્સ મોકલવાનુ કહીને યુપીઆઈના માધ્યમથી પૈસા મંગાવી લીધા હતા જે બાદ ટાઈલ્સ ન મોકલીને છેતરપિંડી કરી હતી. સમગ્ર બનાવ મામલે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

ગોધરા શહેરના વ્હોરવાડ વિસ્તારમાં આવેલ જમાલી મસ્જિદ પાસે રહેતા ફિઝા હુસેની સાલમ ભીખાપુરવાલા કુવૈત ખાતે રહીને પોતાની કંપની ચલાવે છે. તેઓએ પોતાના ગોધરા ખાતે મકાનમાં રિનોવેશનનુ કામ હાથ ધર્યુ હોવાથી તેઓએ મોરબી ખાતેથી ટાઈલ્સ મંગાવી હતી. જેના માટે તેઓએ ઓનલાઈન ટ્રાન્સપોર્ટના નંબર માટે સર્ચ કર્યુ હતુ. જે બાદ ધનલક્ષ્મી રોડવેઝમાંથી સંજીવભાઈ નામના ઈસમનો ફોન આવ્યો હતો. ફિઝાબેન દ્વારા મોરબીથી ગોધરા તેઓની ટાઈલ્સ લાવવા જણાવ્યુ હતુ. જે બાદ સંજીવભાઈ દ્વારા રૂ.૭ હજાર ભાડું નકકી કરવામાં આવ્યુ હતુ. જેને લઈને ગત તા.૩૧ ડિસેમ્બરના રોજ સવારના ૧૦ કલાકે ટાઈલ્સ ભરવા માટે જણાવ્યુ હતુ. જેમાં રૂ.૩ હજાર એડવાન્સ અને રૂ.૪ હજાર ગોધરા ખાતે ટાઈલ્સ ઉતાર્યા બાદ ચુકવવાનુ નકકી કરવામાં આવ્યુ હતુ. જે બાદ ટ્રક ચાલકનો ફોન આવ્યો હતો. જેણે જણાવ્યુ હતુ કે,તમારે પુરેપુરા પૈસા ચુકવવા પડશે, જે બાદ સામાન લોડ કરવામાં આવશે જેને લઈને ફિઝાબેન દ્વારા યુપીઆઈથી પુરેપુરા પૈસા ચુકવી દેવામાં આવ્યા બાદ ટ્રક ચાલકને ફોન કરતા ટ્રક ચાલકે ફોન ઉપાડ્યો ન હતો. જયારે સંજીવ નામના ઈસમનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ આવ્યો હતો. જેને લઈને સમગ્ર મામલે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધાવવા પામ્યો હતો.

## પતંગના નકામા દોરાઓ એકત્રિત કરી તેનો નાશ કરતું કોમર્સ કોલેજ ગોધરા NSS યુનિટ



ગોધરા,

યુવાનો માટેના સર્વ શ્રેષ્ઠ તહેવારો પૈકીનો એક એટલે ઉતરાયણ.... દાન અને પુણ્યનો મહિમા દર્શાવતો તહેવાર એટલે ઉત્તરાયણ.... પતંગ રસિયાઓ માટેનો અનેરો ઉત્સવ એટલે ઉત્તરાયણ.... અને ગુજરાતીઓ માટે ઊંધિયું અને જલેબી આરોગવાનો જોરદાર તહેવાર એટલે ઉત્તરાયણ

જી હાં ઉતરાયણના દિવસે યુવાનો, ખાસ કરીને મોટાભાગે ધાબા ઉપર જઈ પતંગ ચગાવી પેજ લગાવી, એકબીજાના પતંગ કાપી અને આનંદ સાથે આ તહેવારને ઉજવતા હોય છે, પરંતુ ત્યારબાદ કપાયેલા પતંગોના દોરાઓ વેરવિખેર રોડ ઉપર આમતેમ પડ્યા રહે છે. જે દ્વિચક્રી વાહનોના ટાયરમાં ફસાઈ જાય છે. વૃક્ષો ઉપર કે થાંભલા ઉપર લટકેલા દોરાઓમાં પંખીની પાંખ અથવાની ડોક ફસાઈ જાય છે, અને આવા સંભવિત અકસ્માતને ટાળવા સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા દર વર્ષે એક ભગીરથ કાર્ય કરતી હોય છે અને તે છે. આસપાસની સોસાયટીઓ માંથી આવા નકામા દોરાઓ એકત્રિત કરી તેનો નાશ કરવો. ચાલુ વર્ષે પણ કોમર્સ કોલેજ ગોધરાના પ્રોગ્રામ ઓફિસર ડો.અરૂણસિંહ સોલંકીની આગેવાનીમાં એનએસએસના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ કોલેજ તથા તેની આસપાસની સોસાયટીઓમાં જઈને મોટા પ્રમાણમાં દોરા એકત્રિત કરી તેનો નાશ કરી અને એક સુંદર કાર્ય કર્યું છે અને આવું જ કાર્ય બધા યુવાનો કરે તે વર્તમાન સમયની તાતી જરૂરિયાત લાગે છે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એનએસએસ લીડર કુ. નીશી શાહ અને માનસી ખરાદીએ કર્યું હતું એફવાય બીકોમની બહેનોએ ખૂબ સરસ સહકાર પૂરો પાડ્યો હતો.

## હાલોલમાં બે ગોડાઉનોમાંથી અનાજ, તેલ સહિતના લાખોના માલની ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ

હાલોલ,

હાલોલમાં ઉત્તરાયણની આગલી રાત્રે પાવાગઢ રોડ પર તળાવ સામે આવેલી પુરાણી શોપિંગ સેન્ટરમાં આવેલ અનિકેત ટ્રેડર્સ અને શિવ ટ્રેડર્સના ગોડાઉનને તસ્કરોએ નિશાન બનાવી હતી. તસ્કરોએ લાગેલ સીસીટીવી કેમેરા તોડી તેલના ડબ્બા, અનાજ સહિત પાન-પડીકીઓના જથ્થાની ચોરી કરી ટ્રકમાં ભરી પલાયન થઈ ગયા હતા. તેમ છતાં સવા કલાક સુધી ચાલેલી ચોરીની ઘટના ગોડાઉનો પર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.

ઉત્તરાયણની આગલી રાત્રે તળાવની સામે અનાજ કરિયાણાની દુકાનો ધરાવતા અનિકેત ટ્રેડર્સના હરિસ સુખવાની અને શિવ જનરલ સ્ટોરના પ્રભુભાઈ સુખવાનીના નજીકમાં આવેલ પુરાણી શોપિંગ સેન્ટરમાં ગોડાઉનો આવેલા છે. ઉત્તરાયણની આગલી રાત્રે લોકોની ભારે અવર જવર વચ્ચે તળાવ સામે શોપિંગ સેન્ટરમાં બે ગોડાઉનોને તસ્કરોએ બિંદાસ્ત ચોરીને અંજામ આપી સાથે લાવેલ ટ્રકમાં લાખોની કિંમતનો માલસામાન ભરી ભાગી છુટ્યા હતા. સવા કલાક સુધી ચોરીની ઘટનાને અંજામ આપી તસ્કરોને શોપિંગ સેન્ટરના ચોકકસ બે ગોડાઉનોને નિશાન બનાવ્યા હતા. જેને લઈ ચોરીમાં કોઈ સ્થાનિકની સંડોવણી હોવાની નકારી શકાય તેમ નથી. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને હાલોલ, કાલોલ ટોલનાકા સહિતના સીસીટીવી ચકાસવા સાથે ફરિયાદ નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## હાલોલના તરખંડા ગામે ખેતર માંથી સબમર્સીબલ મોટરની ચોરી કરતાં ચોર ઈસમો

હાલોલ,

હાલોલ તાલુકાના તરખંડા ગામે આવેલ સર્વે નં.૬૯૪વાળા ખેતરમાં પાણીના બોરમાં લગાડેલ સબમર્સીબલ મોટરની કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી જતાં હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના તરખંડા ગામે વીપીનભાઈ વિઠ્ઠલભાઈ રાઠોડની સર્વે નં.૬૯૪ વાળા ખેતરમાં પાણીના બોરમાં સબમર્સીબલ મોટર લગાડેલ હોય તે કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ૯ જાન્યુઆરી થી ૧૦ જાન્યુઆરી સુધીના સમયગાળામાં ચોરી કરી જતાં આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયગગાદ નોંધાવા પામી છે.

## શહેરાના તાડવા ગામે દારૂ પીવા પૈસા નહિ આપતાં માથામાં સુડી મારી ઈજાઓ પહોંચાડી

શહેરા,

શહેરા તાલુકાના તાડવા ગામે ફરિયાદી પાસે દારૂ પીવાના પૈસા આરોપી માંગતો હોય પૈસા આપવાની ના પાડતા આરોપીએ હાથમાં રાખેલ સુંડી માથામાં મારી ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના તાડવા ગામે રહેતા ચંદ્રસિંહ ભાવસિંહ બારીયા પાસે આરોપી ડાહ્યાભાઈ ઉર્ફે કેશુ શનાભાઈ પરમાર પાસે દારૂ પીવાના પૈસા માંગતો હોય આરોપીને દારૂના પૈસા આપવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ જઈ હાથમાં રાખેલ સુંડી ચંદ્રસિંહને માથામાં મારી ઈજાઓ પહોંચાડતા આ બાબતે શહેરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા સેશન્સ કોર્ટની સામેની સોસાયટીના કોમન પ્લોટના બે નકશા બનાવી વહિવટકર્તાઓ દ્વારા કોમન પ્લોટની વેચણી કરાઈ




ગોધરા,

ગોધરા સેશન્સ કોર્ટની સામે આવેલ એક સોસાયાટીના કોમન પ્લોટમાં સોસાયટીના વહીવટકર્તાના છોકરા દ્વારા વેચાણ દસ્તાવેજ કરી આપતાં રહિશોમાં રોષ ફેલાઈ જવા પામ્યો છે.

ગોધરા શહેર કોર્ટની સામે આવેલ સોસાયટીના કોમન પ્લોટમાં લગ્નના પડદાની આડમાં રાતોરાત પાટીયાની ફેન્સીંગ કરી દેવામાં આવી હતી અને આ કોમન પ્લોટના અગાઉ મુળ માલિક દ્વારા કોમન પ્લોટનો દસ્તાવેજ કરી આપ્યો હતો અને તેમાં મકાન બનાવી એમાં એક પ્લોટ સોસાયટીના વહિવટકર્તાના છોકરા દ્વારા કોમન પ્લોટના વેચાણ દસ્તાવેજ કરી આપી કરોડો રૂપીયા લઈ લેવામાં આવ્યા. આ બાબતે સોસાયટીના રહિશોને જાણ થતાં રહિશો દ્વારા નકશાની તપાસ કરતાં જુના નકશાને રીવાઈઝ કરી નવો નકશો મુકવામાં આવ્યો હોય તેવું સામે આવ્યું છે. ત્યારે આ સોસાયટીના કોમન પ્લોટનું વેચાણ બારોબાર કરનાર સામે જીલ્લા કલેકટર દ્વારા તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

## ગોધરા(ક)ની નોંધ મંજુર કરાવવા માટે

# પ્રાંત કચેરીમાં દલાલો દ્વારા કામ નહિ થતાં અન્ય ઓફિસના કર્મચારી દ્વારા નોંધ મંજુર કરાવવા ધમપછાડા

પંચમહાલ સમાચાર ગોધરા,

ગોધરા કસ્બાની નોંધ નં.૭૩૪૧૭, ૭૩૪૧૮ નોંધ મંજુર કરાવવા માટે દિવસો પુરા થતાં દલાલો દ્વારા કામ નહિ થતાં અન્ય કચેરીના કર્મચારીઓ દ્વારા નોંધ મંજુર કરાવવા માટે કચેરીમાં ધમપછાડા શરૂ કર્યા છે.

મોજે ગોધરા કસ્બાની નોંધ નં.૭૩૪૧૭, ૭૩૪૧૮ ચેતનદાસ તુલસીદાસનું નામ અટક વગર હોય તેમાં ગોધરામાં સરકારી રેશનીંગ દુકાન ધરાવતા વ્યકિત દ્વારા વડોદરાના વ્યકિતઓને લાવી ભળતા નામની વારસાઈ કરાવેલ હોય અને વરસાઈ કરાવનાર ૧૯ વારસોના મોબાઈલ નંબર પણ ગોધરાની અનાજ દુકાનદારનો હોય અને એક સાથે મોજે હમીરપુરની નોંધ નં.૪૨૦૦ અને ગોધરા કસ્બાની નોંધ નં.૭૩૪૧૭, ૭૩૪૧૮ પડાવતા તેમાંની નોંધ નં.૪૨૦૦ નામંજુર થતાં ગોધરા (ક)ની નોંધ નં.૭૩૪૧૭, ૭૩૪૧૮ પોતે તકરારી લીધેલ હોય તો આમાં નોંધ પ્રાંત કચેરી માંથી મંજુર કરવા માટે દલાલો અને મોટામાથાઓ નોંધ મંજુર કરવા માટે પાડી જતાં હવે આ નોંધો મંજુર કરવા માટે બીજી કચેરીના કર્મચારી પ્રાંત કચેરીમાં નોંધ મંજુર કરવા માટે ધમપછાડા શરૂ કર્યા છે અને ભળતા નામની નોંધ મંજુર કરવા લોકમુખે ચર્ચા ચાલી રહી છે કે નોંધ મંજુર કરાવવા માટે લાખો રૂપીયાનો વહિવટ કરવા તૈયાર છે. ત્યારે હવે આ ભળતા નામની અટક વગરની નોંધ મંજુર કરાય છે કે, કેમ તે જોવાનું રહ્યું .